**આજનો સુવિચાર**

સમસ્યા વિશે વિચારશો તો બેચેની વધશે પણ સમાધાન વિશે વિચારશો તો નવો માર્ગ મળશે !!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૪૦ જૂનાગઢ તા.૩૧-૫-૨૦૨૩ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 140, Junagadh : Date : 31 May, 2023, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay


# ધો.૧૨ સામાન્ય પ્રવાહનું ૭૩.૨૭ ટકા પરીણામ : ગત વર્ષ કરતા ૧૩.૬૪નો ઘટાડો

## સમગ્ર રાજયમાં કચ્છ જીલ્લાનું સૌથી વધુ ૮૪.૫૯ ટકા પરીણામ : દાહોદ જીલ્લાનું સૌથી ઓછું ૫૪.૬૭ ટકા પરીણામ : ૧૮૭૫ વિદ્યાર્થીઓએ એ-૧ ગ્રેડ મેળવ્યો

ગાંધીનગર તા. ૩૧

રાજય શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૨૩માં લેવાયેલી ધો.૧૨ કોમર્સ, વ્યવસાયલક્ષી અને ઉ.ઉ.બુનીયાદી પ્રવાહનું ૭૩.૨૭ ટકા પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. ગત વર્ષ કરતા આ પરિણામમાં ૧૩.૬૪ ટકાનો મોટો ઘટાડો નોંધાયો છે. તો ૧૦૦ટકા પરિણામ ધરાવતી શાળાઓમાં મોટો ઘટાડો અને ૧૦ ટકાથી ઓછું પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યામાં પણ મોટો ઘટાડો નોંધાયો છે. આજે સવારે જાહેર થયેલા પરિણામમાં સૌથી વધુ કચ્છ જિલ્લાનું ૮૪.૫૯ ટકા અને સૌથી ઓછું દાહોદ જિલ્લાનું ૫૪.૬૭ ટકા પરિણામ આવ્યું છે તો કેન્દ્રોમાં વાંગધ્રાનું સૌથી વધુ ૯૫.૮૫ ટકા અને સૌથી ઓછું દેવગઢ બારીયાનું ૩૬.૨૮ ટકા પરીણામ નોંધાયું છે.

આ વર્ષે ૧૮૭૫ વિદ્યાર્થી એ-૧ ગ્રેડમાં અને ૨૧૦૩૮ એ-૨ ગ્રેડમાં સ્થાન મેળવી શકયા છે. ૪૮૨ કેન્દ્રો પરથી ૪૭૭૩૯૨ વિદ્યાર્થીઓએ આ પરીક્ષા આપતા તેમાંથી ૩૪૯૭૯૨ વિદ્યાર્થીઓ પાસ થયા છે અને ૧૨૭૬૦૦ વિદ્યાર્થી પાસ થઈ શકયા નથી. નિયમિત ઉમેદવારોનું પરિણામ ૭૩.૨૭ ટકા, પુનરાવર્તિત ઉમેદવારોનું ૩૯.૫૬ ટકા, ખાનગી નિયમિત ઉમેદવારોનું ૩૩.૮૬ ટકા, ખાનગી પુનરાવર્તિત ઉમેદવારોનું ૨૮.૯૪ ટકા પરિણામ આવ્યું છે. આ વર્ષે ૧૦૦ ટકાથી વધુ પરિણામ ધરાવતી શાળાની સંખ્યા ત્રીજા ભાગની થઈ ગઈ છે.

૨૦૨૨માં આ શાળાઓ ૧૦૬૪ હતી આ વર્ષે ૩૧૧ જ છે. તો ૧૦ ટકા કરતા ઓછું પરિણામ ધરાવતી શાળાની સંખ્યા ગત વર્ષે માત્ર એક હતી, જે આ વર્ષે વધીને ૪૪ પર પહોંચી ગઈ છે. વિદ્યાર્થીનીઓએ ફરી બાજી મારી છે. આ વર્ષે વિદ્યાર્થીઓનું પરિણામ ૮૦.૩૯ ટકા અને વિદ્યાર્થીઓનું પરિણામ ૬૭.૦૩ ટકા આવ્યું છે. ૩૦૯૭ દિવ્યાંગ ઉમેદવારો પાસ થયા છે અને ૨૦ ટકા પાસીંગ સ્ટાન્ડર્ડથી ૬૩૮ દિવ્યાંગ પાસ થયા છે. ત્રણેય પ્રવાહના પરિણામ પર નજર કરીએ તો સામાન્ય પ્રવાહનું પરિણામ ૭૩.૨૨ ટકા (૧૮૭૪ એ-૧ ગ્રેડ), વ્ય.પ્રવાહનું ૭૩.૮૨ ટકા અને ઉ.ઉ.બુનિયાદી પ્રવાહનું ૭૮.૭૬ ટકા (૧ એ-૧ ગ્રેડ) આવ્યું છે જે સરેરાશ ૭૩.૨૭ ટકા થાય છે. આ પરીક્ષામાં ઉપસ્થિત થયેલા ૨૫૪૨૯૨ છાત્રમાંથી ૧૭૦૪૪૧ પાસ થયા છે અને ૨૨૩૧૦૦ છાત્રામાંથી ૧૭૯૩૫૧ ઉતીર્ણ થઈ છે. સંસ્કૃત માધ્યમનું પરિણામ ૮૪.૦૯ ટકા છે.

સામાન્ય પ્રવાહમાં એ-૧ ગ્રેડમાં ૧૮૭૪, એ-૨માં ૨૦૮૯૬, બી-૧માં ૫૧૬૦૭, બી-૨માં ૮૨૫૨૭ છાત્રોએ સ્થાન મેળવ્યું છે. વ્ય.પ્રવાહમાં કોઈ છાત્ર એ-૧ ગ્રેડમાં નથી અને ઉ.ઉ.બુનિયાદી પ્રવાહમાં માત્ર એક વિદ્યાર્થી ટોપ ગ્રેડમાં સામેલ થયેલ છે. ગુજરાતી માધ્યમ પરિણામ ૭૨.૮૩ ટકા, અંગ્રેજી માધ્યમનું ૭૯.૧૬ ટકા, હિન્દી માધ્યમનું ૬૭.૪૫ ટકા, મરાઠીનું ૭૨.૫૮ ટકા, ઉર્દુમાધ્યમનું ૮૨.૬૭ ટકા પરિણામ જાહેર થયું છે આમ ફરી અંગ્રેજી માધ્યમ થોડુ આગળ રહ્યું છે. એક વિષયમાં નાપાસ થનારા છાત્રોની સંખ્યા ૩૩૪૦૨ અને બે વિષયમાં નાપાસ છાત્રોની સંખ્યા ૩૩૪૯૪ જાહેર થઈ છે.

## આવતીકાલથી ઈલેકટ્રીક ટુ-વ્હીલર મોંઘા

નવી દિલ્હી તા. ૩૧

જે લોકો ઈ-ટુ વ્હીલર ખરીદવા માંગે છે તો તેના માટે વધુ પૈસા આપવા માટે તૈયાર રહેવુ પડશે. ૧ જુનથી ટુ વ્હીલર ઈલેકટ્રીક વ્હીકલ (ઈવી) મોંઘા થઈ જશે. આનુ કારણ એ છે કે સરકારે ટુ વ્હીલર ઈલેકટ્રીક વાહન પર આપવામાં આવતી સબસીડી ઘટાડી નાંખી છે. આ ઘટાડો ૧ જુન કે તે પછી રજીસ્ટર્ડ ઈલેકટ્રીક ટુ વ્હીલર વાહનો પર લાગુ પડશે.

ભારે ઉદ્યોગ મંત્રાલયનાં નોટીફીકેશન અનુસાર ફાસ્ટર એડોપ્ટેશન ઓફ મેન્યુફેકચરી ઈલેકટ્રીક એન્ડ હાઈબ્રિડ વ્હીકલ્સ ઈન ઈન્ડીયા અર્થાત એફએએમઈ-૨ યોજના અંતર્ગત ઈલેકટ્રીક સ્કુટર માટે ૧ જુનથી અધિકતમ સબસીડી ઈલેકટ્રીકનાં એકસ-માર્કેટ મુલ્યનાં મોજુદ ૪૦ ટકાથી ઘટીને ૧૫ ટકા થઈ જશે.

આ સિવાય સબસીડી હાલ ૧૫૦૦૦ રૂપિયાના બદલે ઈવીની બેટરી ક્ષમતા પ્રત્યે કિલોવોટ કલાકે ૧૦ હજાર રૂપિયા થશે. આનો મતલબ છે કે ગાડીમાં બેટરીની ક્ષમતા પર ૧૦ હજાર પ્રતિ કિલોવોટ કલાકનાં દરથી સબસીડી રજુ થાશે. એફએએમઈ-૨ પ્રોત્સાહનનો લાભ ઉઠાવવા માટે મેન્યુફેકચર માટે એક સ્કુટરની અધિકતમ એકસ ફેકટરી કિંમત રૂા.૧.૫૦ લાખ હોવી જોઈએ.

## કેન્દ્રીય કર્મચારીઓનું મોંઘવારી ભથ્થુ વધારવા નિર્ણય થઈ શકે છે

નવી દિલ્હી તા. ૩૧ : કેન્દ્રીય કર્મચારીઓને પગાર વધારા અંગે ટૂંક સમયમાં સારા સમાચાર મળી શકે છે. ૨૦૨૩ના બીજા ૬ મહિનામાં ડીએ વધારાની સાથે સાથે સરકાર ફિટમેન્ટ ફેક્ટરમાં પણ વધારો કરી શકે છે. જો ફિટમેન્ટ ફેક્ટરમાં વધારો જાહેર કરવામાં આવે છે, તો કર્મચારીઓના મૂળ પગારમાં નોંધપાત્ર વધારો થશે. જો કે સરકાર તરફથી આ અંગે કોઈ સત્તાવારજાહેરાત કરવામાં આવી નથી. કર્મચારીઓને હાલમાં ૨.૫૭ટકાનું ફિટમેન્ટ ફેક્ટર મળે છે.

આ સિવાય સરકાર મોંઘવારી ભથ્થું અને મોંઘવારી રાહત બીજા ૬ મહિનામાં ચાર ટકા વધારી શકે છે. સરકારે આ વર્ષના પ્રથમ ૬ મહિનામાં ડીએ અને ડીઆરમાં ચાર ટકાનો વધારો કર્યો હતો. જો ચાર ટકાનો વધારો થશે તો ડીએ ૪૨ ટકાથી વધીને ૪૬ ટકા થશે અને કર્મચારીઓનો પગાર પણ વધશે.

### રાહુલ ગાંધી અમેરીકાનાં પ્રવાસે : સાનફ્રાન્સિસ્કોમાં 'મહોબ્ત કી દુકાન' કાર્યક્રમમાં સંબોધન કર્યુ

# નરેન્દ્ર મોદી ભગવાનને પણ સલાહ આપી શકે છે !! રાહુલ ગાંધીનો પ્રહાર

સાન ફ્રાન્સીસ્કો,તા. ૩૧ : કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અમેરિકા પહોંચ્યા હતા. અહીં સાન ફ્રાન્સીસ્કોમાં તેઓ ભારતીયોને મળ્યા અને સંબોધન કર્યુ હતું. આ દરમિયાન રાહુલ ગાંધીએ કહ્યું કે થોડા મહિના પહેલા તેમણે કન્યાકુમારીથી કાશ્મીરની યાત્રા શરૂ કરી હતી. હું પણ મુસાફરી કરતો હતો.

અમે જોયું છે કે ભારતમાં રાજકારણના સામાન્ય સાધનો (જેમ કે જાહેર સભા, લોકો સાથેવાત કરવી, રેલી) હવે કામ કરતા નથી. રાજકારણ માટે આપણને જે સંસાધનોની જરૂરછે તેભાજપઅને આરએસએસ દ્વારા નિયંત્રિત છે. લોકોને ધમકીઓ આપવામાં આવી રહી છે. સરકારી એજન્સીઓનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આવી સ્થિતિમાં અમને લાગ્યું કે ભારતમાં રાજકારણ કરવું હવે સરળ નથી. તેથી અમે મુસાફરી કરવાનું નક્કી કર્યું.

રાહુલ ગાંધીએ કહ્યું કે, દુનિયા એટલી મોટી છે કે કોઈ પણ વ્યકિત એવુંવિચારી નશકે કે તે દરેકબાબતે બધું જ જાણે છે. આ એક રોગ જેવું છે કે ભારતમાં કેટલાક એવા લોકો છે જે વિચારે છે કેતેઓ બધું જ જાણે છે. મને લાગે છે કે તેઓ ભગવાન કરતાં વધુ જાણે છે. તેઓ ભગવાનની સામે બેસીને પણ તેમને સમજાવી શકે છે કે શું ચાલી રહ્યું છે. પીએમ મોદી પણ તેમાંથી એક છે.

રાહુલે કહ્યું, મને લાગે છે કે જો પીએમ મોદીને ભગવાનની સામે બેસવાનું કહેવામાં આવશે, તો તેઓ ભગવાનને સમજાવવાનું શરૂ કરશે કે બ્રહ્માંડમાં શું ચાલી રહ્યું છે. ભગવાન પણ તેણે શું બનાવ્યું છે તે અંગે મૂંઝવણમાં આવશે. ભારતમાં આ જ ચાલી રહ્યું છે. ભારતમાં કેટલાક એવા લોકો છે જે બધું જ જાણેછે. જયારે તેઓવૈજ્ઞાનિકો પાસે જાય છે, ત્યારે તેઓ તેમને વિજ્ઞાન વિશે કહે છે, જયારે તેઓ ઈતિહાસકારો પાસે જાય છે, ત્યારે તેઓ તેમને ઈતિહાસ વિશે જણાવે છે. તેઓ દરેકને સૈન્યને યુદ્ધ વિશે, એરફોર્સમાં ઉડાન વિશે બધું કહે છે. પણ સાચી વાત એ છે કે તેઓ કંઈ સમજતા જ નથી. કારણ કે જો તમે કોઈની વાત સાંભળવા માંગતા નથી, તો તમે તેના વિશે કંઈપણ જાણી શકતા નથી.

# યુગાન્ડામાં સમલૈંગિક સંબંધો વિરૂધ્ધ સજા એ મોતનો કાયદો પસાર કરાતા વિશ્વ વ્યાપી વિરોધ

કમ્પાલા, યુગાન્ડા તા.૩૧

યુગાન્ડાના રાષ્ટ્રપતિ યોવેરી મુસેવેનીએ સમલૈંગિકો વિરુદ્ધ વિશ્વનો સૌથી કડક કાયદો પસાર કર્યો છે. આ કારણે હવે ત્યાં સમલૈંગિક સંબંધ રાખવા પર આજીવન કેદથી લઈને મૃત્યુદંડની સજા થઈ શકે છે. યુગાન્ડામાં અગાઉ પણ સમલૈંગિક સંબંધો પર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો, પરંતુ આવી ગંભીર સજાની જોગવાઈ નહોતી.

કાયદો પસાર કરતી વખતે સાંસદોએ સમલૈંગિક સંબંધોને સમાજનામૂલ્યોની વિરુદ્ધ ગણાવ્યા છે. આ સાથે તેમણે કાયદાનું યોગ્ય રીતેપાલન થાય તેમાટેના શપથ પણ લીધા છે. કાયદો પસાર થતાની સાથે જ સમગ્ર વિશ્વમાં ટીકાઓ શરૂ થઈ ગઈ છે. યુએસ પ્રમુખ જો બિડેને તો યુગાન્ડાના કેટલાંક અધિકારીઓ પર પ્રતિબંધો લાદવાની અને ત્યાં અમેરીકાનું રોકાણ ઘટાડવાની ધમકી આપી છે.

યુગાન્ડામાં એક નવા કાયદા મુજબ, ૧૮ વર્ષથી ઓછી ઉંમરની વ્યક્તિ સાથે અથવા એચઆઈવી સંક્રમીત વ્યક્તિ સાથે સમલિંગી સેકસ માણવા પર મૃત્યુદંડની સજા થઈ શકે છે. સાથે જ સમલૈંગિકતાને પ્રોત્સાહન આપવા પર ૨૦ વર્ષસુધી જેલમાં રહેવું પડશે.

જો કે કોઈ વ્યક્તિ ફકત ગે, લેસ્બીયન અથવા હોમોસેકસ્યુઅલ હોવા પર કોઈ સજા થશે નહીં. સજા ત્યારે જ થશે જયારે તે સમલૈંગિક સંબંધોમાં સામેલ થશે.

## ૧ જુલાઈથી અમરનાથ યાત્રાનો પ્રારંભ : શિવલીંગની તસ્વીરો જાહેર કરાઈ

નવી દિલ્હી,તા. ૩૧ : અમરનાથ યાત્રા શરૂ થવામાં હજુ એક મહિનો બાકી છે, પરંતુ યાત્રાની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. આવી સ્થિતિમાં પવિત્ર અમરનાથ ગુફામાંથી શિવલિંગની તસવીરો સામે આવી છે. જાહેર કરાયેલી તસવીરોમાં પવિત્ર શિવલિંગની સાથે માતા પાર્વતી અને ગણેશના પ્રતિક ગણાતા હિમસ્તિમ્બાને પણ પૂર્ણ કદમાં જોઈ શકાય છે. અમરનાથ યાત્રા સત્તાવાર રીતે શરૂ થવામાં એક મહિનો બાકી છે અને અધિકારીઓ અને સુરક્ષા દળના જવાનો ગુફામાં પહોંચી ગયા છે. યાત્રાનો રૂટ તૈયાર કરવાની કામગીરી પણ જોરશોરથી ચાલી રહી છે. શ્રાઈન બોર્ડ અને સુરક્ષા દળના અધિકારીઓ વ્યવસ્થા માટે તડામાર તૈયારી કરી રહયા છે.

# દિવનાં તમામ બીચ પર આગામી ત્રણ મહિના સુધી ન્હાવા પર પ્રતિબંધ : કલમ ૧૪૪ લાગુ

દીવ તા.૩૧ : કેન્દ્રશાસિત દીવ પ્રદેશ ગુજરાત સહિતના દેશ-વિદેશોના સહેલાણીઓ માટે હોટ ફેવરિટ ડેસ્ટિનેશન છે. હાલ ઉનાળુ વેકેશનની રજાઓમાં પ્રવાસીઓની સંખ્યા ખુબ જ જોવા મળી રહી છે. હાલના દિવસોમાં ચોમાસાના આગમન પૂર્વે કરંટ જોવા મળતા વહીવટી તંત્રએ આગામી ત્રણ માસ માટે દીવના તમામ બીચમાં ન્હાવા પર પ્રતિબંધ ફરમાવી ૧૪૪ની કલમ લાગુ પાડી જાહેરનામું પ્રસિધ્ધ કર્યું છે. ચોમાસાની ઋતુમાં દીવનો દરિયો તોફાની બનતા પ્રવાસીઓના જીવ જોખમમાં મુકાઈ શકે છે. જેની તકેદારીના ભાગરૂપે વહીવટી તંત્ર દ્વારા આગામી તા.૧ જુનથી તા.૩૧ ઓગષ્ટ ત્રણ માસ સુધી દીવના નાગવા બીચ, બ્લૂ ફલેગ બીચ, ઘોઘલા બીચ, ગોમતી માતા બીચ બંધ રહેશે. સહેલાણીઓ માત્ર દરિયા કાંઠે ફરી શકશે. ન્હાવા અને વોટર સ્પોટર્સ એકિટવિટી નહીં કરી શકેસાથે ૧૪૪ની કલમ લાગુ રહેશે.

# રાજયના તમામ જીલ્લાનું સુશાસન ઈન્ડેક્ષ કાર્ડ રજુ કરાયું : ૧૪ જીલ્લા અત્યંત નબળા જાહેર

## નવસારી પ્રથમ, રાજકોટ બીજા ક્રમે અને અમદાવાદ ત્રીજા ક્રમાંકે

ગાંધીનગર તા.૩૧

ગુજરાત સરકારે ગત સપ્તાહે યોજેલી ચિંતન શિબીરમાં તમામ ૩૩ જીલ્લાનાં રીપોર્ટ કાર્ડ રજુ કરવામાંઆવ્યાહતા. જેમાં રાજકોટ જીલ્લાનો બીજો ક્રમ આવ્યો છે. મહત્વની વાત એ છે કે જામનગર સહીત ૧૪ જીલ્લા સુશાસન ઈન્ડેકસમાં ઘણા નબળા જાહેર થયા હતા.

ચિંતન શીબીરમાં પ્રથમ વખત ગુજરાતનાં જીલ્લાઓનો સુશાસન ઈન્ડેક્ષ રજુ કરવામાં આવ્યો હતો. ૧૪ જીલ્લા એવા હતા કે ૧૦ માથી એકપણ ક્ષેત્રમાં ટોપ-થ્રીમાં સ્થાન મેળવી શકયા ન હતા. કૃષિ, વ્યાપાર, અને ઉદ્યોગ માનવ કૌશલ્ય વિકાસ, જાહેર આરોગ્ય જાહેર માળખાગત સેવાસામાજીક કલ્યાણ અને વિકાસ ન્યાયતંત્ર અને જાહેર સુરક્ષા, પર્યાવરણ તથા નાગરીક કેન્દ્રીત શાસન જેવા ૧૦ ક્ષેત્રોનાં ૬૫ પાસાઓ આધારીત જીલ્લાઓને ક્રમાંક આપવામાં આવ્યા હતા. આ ૧૦ માંથી એક પણ ક્ષેત્રમાં પ્રથમ ત્રાણમાં સ્થાન મેળવી ન શકેલા જીલ્લાઓની સંખ્યા ૧૪ હતી.

એકપણ ક્ષેત્રમાં ટોપ-થ્રીમાં સ્થાન મેળવી નહી શકેલા જીલ્લાઓમાં અમરેલી, આણંદ, અરવલ્લી, બનાસકાંઠા, છોટા ઉદેપુર, જામનગર, કચ્છ, ડાંગ, ગીર સોમનાથ, મહેસાણા, પાટણ, સાબરકાંઠા, સુરેન્દ્રનગર તથા તાપી જીલ્લાઓનો સમાવેશ થાય છે. સમગ્ર સુશાસન ઈન્ડેકસમાં નવસારી જીલ્લો રાજયભરમાંપ્રથમ ક્રમાંકે જાહેર થયો હતો. રાજકોટ જીલ્લાને બીજો તથા અમદાવાદ જીલ્લાને ત્રીજો નંબર મળ્યો હતો. સમગ્ર રીપોર્ટમાં કેટલાંક રસપ્રદ તારણો પણ બહાર આવ્યા હતા. જે અંતર્ગત રાજયના તમામ ૩૩ જીલ્લામાં દુધ ઉત્પાદનમાં વધારો થયો છે. એટલુ જ નહિં ૨૨ જીલ્લામાં અનાજ તથા બાગાયતી ઉત્પાદનમાં પણ વૃધ્ધિ છે. આ સિવાય ૨૯ જીલ્લામાં ઔદ્યોગીક વિકાસ ગતિવિધીમાં પણ પોઝીટીવ ટ્રેન્ડ હોવાનું દર્શાવાયું હતું.


એક વખત સ્કૂલની મુલાકાત અવશ્ય લેવી

JAVIYA

Shreenathji Education & Cheritable Trust

JAVIYA
SCHOOLING SYSTEM

ADMISSION OPEN
for, year 2023-24

For Play House, JR.KG, SR.KG
Std. 1 to 10 & 11 - 12 (SCIENCE)

English Medium/
Gujarati Medium

Shreenathji Park, Dhandhusar Road, Zanzarda - Junagadh.
Cont. +91 93774 44493
93277 28495

બહેનો જોઈએ છે

ગર્લ્સ હોસ્ટેલ માટે રસોઈ કામ કરી શકે તેવા અનુભવી બહેનો જોઈએ છે તથા હોસ્ટેલનું કામ કાજ કરી શકે તેવા બહેનો જોઈએ છે

આકર્ષક પગાર આપવામાં આવશે

ગાયત્રી પ્રાયમરી સ્કુલ
દિપાંજલી-૧, ટીંબાવાડી, જૂનાગઢ મો. ૯૧૦૬૫ ૭૮૦૧૨
મળવાનો સમય : સવારે ૯ થી ૧
દિવસ-૨માં રૂબરૂ મળો

ભગંદર, હરસ-મસા, ફિશર
સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર

આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર

અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુક્તિ સારવાર

ડો. શ્રેયસ જી. ભાલોડિયા
M.S. (Ayurved) Shalya

જુનાગઢ : સોમ-શુક્ર-શનિવાર
રાજકોટ : મંગળ-બુધ-ગુરૂવાર

રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી





ૐ આયુર્વેદ હોસ્પિટલ
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨
મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
e_mail : aum.ayurved.hospital@gmail.com

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમજય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

હરિ-કલા +
યુરોસર્જીકલ હોસ્પિટલ

ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA, HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

દુકાન વેચવાની છે

જૂનાગઢનાં ભરચક વિસ્તાર પંચહાટડી ચોકમાં જે.ડી. ચેમ્બર પહેલા માળે બે દુકાન નં. ૭ અને ૮ કુલ ૨૦૨ ફુટ વેચાણથી આપવાની છે. તદ્દન વ્યાજબી ભાવમાં

સંપર્ક : ૯૯૨૫૭ ૫૫૦૦૮

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પદ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.) Pune

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

# વેરાવળમાંથી માયા - સોનાના નકલી સીકકા સસ્તા ભાવે આપી લોકોને છેતરતી મહિલાઓની ટોળકી ઝડપાઈ

## ટોળકી પાસેથી પીળી ધાતુની નાની ગીનીનાં સિક્કા નંગ ૪૬૦ સહિતનો મુદામાલ મળી આવ્યો





(રાકેશ પરડવા દ્વારા)
વેરાવળ, તા.૩૧

વેરાવળ સોમનાથ પંથકમાંથી માયા - સોનાના નકલી સીકકા સસ્તા ભાવે આપી લોકો સાથે ચીટીંગ કરી છેતરપીંડી આચરવાની ટેવ ધરાવતી ચાર મહીલાઓની ટોળકીને પીળી ધાતુની નાની ગીની સિક્કા નંગ ૪૬૦ સાથે એલસીબીની ટીમએ ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ ટોળકી સોમનાથ પંથકમાં લોકોને શિકાર બનાવવાની ફિરાકમાં રહેલ તે દરમ્યાન જ એલસીબીની સતર્કતાથી ઝડપાઈ જતા સ્થાનીક લોકો છેતરપીંડીનો ભોગબનતા બચી ગયા છે જો કે અમદાવાદ અને રાજસ્થાનમાં ટોળકીએ ત્રણેક લોકો સાથે છેતરપીંડી આચરી હોવાનું એલસીબીને પ્રાથમિક તપાસમાં જાણવા મળેલ છે.

લોભીયાના ધન ધુતારા ખાઈ એ કહેવતને સાર્થક કરતી ઘટનાનો પર્દાફાશ ગીર સોમનાથ પોલીસે કર્યો છે. જે અંગે માહિતી આપતા એલસીબીના પીઆઈ વી.કે. ઝાલાએ જણાવેલ કે, લોકોને માયા-સોનાના સીકકા (નકલી) સસ્તા ભાવે આપવાની લાલચ આપી લાખોની છેતરપીંડી કરવાની ફિરાકમાં મહિલાઓની ટોળકી શહેરમાં ફરી રહી હોવાની માહિતી મળી હતી. જેના આધારે તપાસ હાથ ધરતા સ્ટાફના નરેન્દ્ર પટાટ, ભાવેશ મોરીને મળેલ બાતમીના આધારે શહેરના ભાલકા વિસ્તારમાંથી (૧) સુમનબેન મહાદેવભાઈ ખાવડીયા (ઉ.વ.૩૫), (૨) ઉર્મીલાબેન કરણભાઈ ખાવડીયા (ઉ.વ.૩૨) બંન્ને રહે.સુભાષ નગર તેવારી સ્કુલની સામે, અમદાવાદ, (૩) રાધાબેન સુનિલભાઈ ચૌહાણ (ઉ.વ.૬૦) રહે. મલાડ ચોક, સુરેન્દ્રનગર, (૪) લવીંગાબેન ચંદુભાઈ ખાવડીયા (ઉ.વ.૭૦) રહે. મહેમદાવાદ રેલવે રોડ ચાર રસ્તા ઝુપડા વાળાને પીળી ધાતુની નાની ગીની (સીકકા) કુલ નંગ - ૪૬૦ તથા મોબાઈલ સહિતના મુદામાલ સાથે ઝડપી પાડેલ હતા.

વધુમાં પીઆઈ વી.કે.ઝાલાએ જણાવેલ કે, આ મહીલાઓની ટોળકી ઘી વેચવાના બહાને જુદા જુદા વિસ્તારોમાં ફરીને મહીલાઓને ઘી આપતા સમયે પોતાની પાસે જમીન ખોદતી વખતે તેમાંથી મળેલ માયા - સોનાના રાણી સીકકા હોય જે સસ્તા ભાવે વેચવાના હોવાનું જણાવી બાદમાં વિશ્વાસ અપાવવા માટે નકલી સીકકા ભરેલી થેલીમાંથી હાથ ચાલાકી કરી એક સાચો સીકકો બહાર કાઢી સામી મહિલાને આપી સોની પાસે ચેક કરાવડાવા મોકલતા હતા.

જેથી તેની ખરાઈ થયા બાદ લાલચમાં આવી ગયેલ મહિલાઓને માયા સોનાના નકલી સીકકા સસ્તા ભાવે આપવાનું કહી લાખોની રકમ પડાવી ચીટીંગ કરી છેતરપીંડી આચરવાની એમ.ઓ ધરાવતી હોવાનું જાણવા મળેલ છે. આ ટોળકીએ અમદાવાદ અને રાજસ્થાનમાં ત્રણેક લોકોને નિશાન બનાવ્યા છે. જયારે અહી ફિરાકમાં હતા ત્યાં જ પકડાઈ ગઈ છે.

# જૂનાગઢમાં વિશ્વ માસિક સ્ત્રાવ સ્વચ્છતા દિવસની ઉજવણી કરાઈ



જૂનાગઢ, તા.૩૧

જૂનાગઢના પંચેશ્વર વિસ્તારમાં વિશ્વ માસિક સ્ત્રાવ સ્વચ્છતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

જૂનાગઢ જિલ્લા કલેકટર દ્વારા બેટી બચાવો બેટી પઢાવો યોજનાઅંતર્ગત હાલમાં જ રિવ્યૂ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અન્વયે દરેક દીકરીઓને માસિક ધર્મ અને આરોગ્ય વિશે માહિતી મળે તે હેતુથી વધુને વધુ જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવા સૂચના આપવામાં આવેલ હતી. તેની અમલવારી અર્થે તા.૨૮ મે વિશ્વ માસિક સ્રાવ સ્વચ્છતા દિવસની ઉજવણી નિમિતે જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી હસ્તકના સખી વન સ્ટોપ સેન્ટર જૂનાગઢના કર્મચારી દ્વારા જૂનાગઢના પંચેશ્વર વિસ્તારની કિશોરીઓને માસિક સ્વચ્છતા અંગેની સમજ તેમજ માસિક સ્રાવ દરમ્યાન રાખવાની સ્વચ્છતા અને કાળજી વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

તેમજ કિશોરીઓને સેનેટરી પેડનું વિતરણ કરવામાં આવ્યું હતું. અને તેના નિયમિત ઉપયોગ માટે જાગૃત કરવામાં આવ્યા હતા. ઉપરાંત મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળની વિવિધ યોજનાઓની માહિતી પણ આપવામાં આવી હતી.

# મહિલા આઈ.ટી.આઈ.માં પ્રવેશ સત્ર ૨૦૨૩નો આરંભ

## કોમ્પ્યુટર, બ્યુટી પાર્લર જેવા વ્યવસાયિક કોર્ષમાં પ્રવેશ મેળવવાની તક

જૂનાગઢ,તા.૩૧

જૂનાગઢ મહિલા આઈ.ટી.આઈ માં પ્રવેશ સત્ર ૨૦૨૩નો આરંભ થયો છે. મહિલા તાલીમાર્થી માટે ઔદ્યોગિક તાલીમ સંસ્થા જૂનાગઢ મહિલા ખાતે ચાલતા વિવિધ પ્રકારના એનસીવીટી પેટર્નના વ્યવસાયિક કોર્ષ જેવા કે કોમ્પ્યુટર, બ્યુટીપાર્લર ફેશન ડિઝાઈન અને સીવણ જેવા વ્યવસાયમાં પ્રવેશ મેળવવા માટે પાત્રતા ધરાવતા ઉમેદવારો માટે પ્રવેશસત્ર ૨૦૨૩ માં ભરવા પાત્ર બેઠકો માટે ઓનલાઈન ફોર્મ ભરવાની પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ ગયેલ છે. પ્રવેશ મેળવવા ઈચ્છુક ઉમેદવારોએ ઓનલાઈન પ્રવેશ ફોર્મ **Itiadmission. gujarat. gov. in**ની વેબસાઈટ ઉપરથી ભરી શકશે. તેમજ સંસ્થા ખાતે વિનામૂલ્યે ફોર્મ ભરવા ઔદ્યોગિક તાલીમ સંસ્થા જૂનાગઢ મહિલાનો રૂબરૂ સંપર્ક કરવા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# સોમનાથ મંદિર ટ્રસ્ટના વૃક્ષારોપણ મહાઅભિયાનનાં બીજા તબક્કામાં ૫૮૧૪ કેસર કેરીના રોપાઓનું વિતરણ કરાયું

## ગ્રામ્ય સંસ્કૃતિ અનુસાર ખેડૂતોએ વૃક્ષારોપણ અભિયાનનું સામૈયું અને છોડનું પૂજન કરી મહાદેવના કૃપાપ્રસાદ સ્વરૂપે સ્વીકાર્યા







(રાકેશ પરડવા દ્વારા)
વેરાવળ, તા.૩૧

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મંદિર વિશ્વભરમાં ધાર્મિક આસ્થાનું કેન્દ્ર હોવાની સાથે ગીર સોમનાથ જિલ્લામાં પ્રકૃતિ સંવર્ધનનું પ્રેરણા કેન્દ્ર પણ બન્યુ છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં સોમનાથ ટ્રસ્ટ અનેકવિધ પર્યાવરણ લક્ષી પ્રકલ્પ ચલાવી રહ્યુ છે. તેમાંનો એક અતી ઉત્કૃષ્ટ પ્રકલ્પ એટલે ૧૧ લાખ વૃક્ષારોપણ મહાઅભિયાન કે જેમાં તાઉતે વાવાઝોડાથી વૃક્ષોના વિચ્છેદનથી અસરગ્રસ્ત થયેલ ગીર સોમનાથ જિલ્લાને ફરીથી પ્રકૃતિની લીલી ચાદર ઓઢાડવા માટે પ્રકૃતિ રક્ષણની સાથે કૃષિ સશક્તિકરણનો મહત્વપૂર્ણ પ્રકલ્પ સફળતાપૂર્વક ચલાવી રહ્યુ છે.

જેનો તાજેતરમાં બીજા તબક્કાના પ્રારંભ કરેલ જેમાં સોમનાથ ટ્રસ્ટ બે દિવસમાં અંદાજીત ૧૦ હજાર રોપાઓનું વિતરણ કર્યુ છે. જેમાં કોઈ સમાન્ય રોપાઓ નહી પરંતુ ગીરની ઓળખ ગણાતા કેસર કેરીના જાતવાન રોપાઓનું સોમનાથ મહાદેવના પ્રસાદ તરીકે અગાઉ નોંધણી કરાવેલ ખેડૂતોને આપવામાં આવ્યા છે. જેમાં ગઈકાલે વિવિધ ગામોમાં ખેડૂતોને ૫૮૧૪ કેરીના રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું છે.

સોમનાથ ટ્રસ્ટના આ પ્રકલ્પનું જિલ્લામાં ગામે ગામ ખેડૂતો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ગામોમાં બ્રાહ્મણો દ્વારા વેદોક્ત શ્લોક સાથે વૃક્ષારોપણ રથનું પૈડું સીંચીને વિતરણ થનાર છોડ ખેડૂતો અને પ્રકૃતિનું કલ્યાણ કરે તેવી પ્રાર્થના કરવામાં આવી હતી. કન્યાઓ દ્વારા ટ્રસ્ટના વાહન અને વૃક્ષ વિતરણ માટે આવેલ ટ્રસ્ટ પરિવારના કર્મીઓને કુમકુમ તિલક કરીને સ્વાગત કરવામાં આવ્યું હતું. સોમનાથ ટ્રસ્ટ પરિવાર ખેડૂતોને સન્માનની સાથે મહાદેવના પ્રસાદ સ્વરૂપે કેસર કેરીની કલમોનું વિતરણ કરી રહ્યું છે. જિલ્લા ભરના ખેડૂતોએ અગાઉ સોમનાથ ટ્રસ્ટના સર્વેમાં પોતાના નામ નોંધાવેલ છે તેમના સુધી વૃક્ષના સ્વરૂપમાં સોમનાથ મહાદેવનો કૃપા પ્રસાદ પહોંચાડશે.

# ૧૮૧ અભયમ હેલ્પલાઈનમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર કાઉન્સેલરને સન્માનિત કરાયા



જૂનાગઢ,તા.૩૧ : જૂનાગઢ જિલ્લામાં ૧૮૧ અભયમ હેલ્પલાઈનમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર મહિલા કાઉન્સેલરને સન્માનિત કરવામાં આવ્યા હતા. છેલ્લા સાત વર્ષથી ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનમાં ફરજ બજાવતા કાઉન્સેલર અરૂણાબેન કોલડિયાને જૂનાગઢ જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમ સેટ્ટીના હસ્તે શ્રેષ્ઠ કામગીરી માટે પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે ૧૮૧ મહિલા હેલ્પલાઈન દ્વારા સ્ત્રીઓને મુશ્કેલીના સમયમાં ત્વરિત મદદ પહોંચાડવાની સાથે તેમના પ્રશ્નોના નિવારણ માટે જરૂરી માર્ગદર્શન પણ આપવામાં આવે છે.

# ભીડીયાની શ્રી સરકારી માધ્યમિક શાળાનું ધો.૧૦નું ૫૭.૧૪% પરીણામ

વેરાવળ, તા.૩૧ : ગુજરાત માધ્યમિક અને ઉ.મા. શિક્ષણ બોર્ડ ગાંધીનગરથી માર્ચ–૨૦૨૩ નું ધો. ૧૦નું પરીણામ જાહેર થયેલ છે જે મુજબ સમગ્ર ગુજરાત બોર્ડનું પરીણામ ૬૪.૪૨% છે તેમજ વેરાવળ કેન્દ્રનું પરીણામ ૫૮.૪૨% જેમાં શ્રી સરકારી માધ્યમિક શાળા ભીડીયાનું ધો. ૧૦નું પરીણામ ૫૭.૧૪% આવ્યું છે. જેમાં આ સરકારી માધ્યમિક શાળામાં સોલંકી હિતેક્ષીબેન મનસુખભાઈ ૯૦.૦૭ પી.આર સાથે પ્રથમ ક્રમે તેમજ દ્વિતીય ક્રમે ડાલકી પ્રતીક્ષાબેન નરેશભાઈ ૮૪.૭૭ પી.આર. તેમજ તૃતીય ક્રમે કુહાડા ગાયત્રીબેન પ્રકાશભાઈ ૮૩.૮૯ પી.આર સાથે ઉતીર્ણ થયેલ છે. શાળામાં ધો. ૧૦માં એકથી ત્રણ ક્રમાંક મેળવેલ તેમજ પાસ થનાર તમામ વિદ્યાર્થીઓને શાળા પરીવાર તરફથી ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

# વિશ્વ તમાકુનિષેધ દિવસ ૨૦૨૩ : 'આપણને ખોરાકની જરૂર છે, તમાકુની નહીં'

## 'પ્રત્યેક નાગરીક અપનાવે એક મંત્રઃ ના હું તમાકુનું સેવન કરીશ, ના પરિવારના કોઈ સભ્યને કરવા દઈશ' : જીસીઆરઆઈ ડિરેક્ટર ડો. શશાંક પંડ્યા




તમાકુનું સેવન કરવાથી આપણા સૌના જીવનમાં કેટલી ખરાબ અસર થાય છે તે આપણે સૌજાણીએ જ છીએ, તેમ છતાં તેનો ઉપયોગ કર્તા લોકોની સંખ્યા દર વર્ષે વધતી જ જાય છે. તમને જાણીને નવાઈ લાગશે પણ તમાકુનું વ્યસનએ સદીની સૌથી મોટી મહામારી કોરોના કરતા પણ વધુ ખતરનાક છે. ભારતમાં રોજના હજારો લોકો તમાકુના વ્યસનથી થતી કેન્સર સહિતની અલગ-અલગ બીમારીઓના કારણે મોતને ભેટે છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના ડેટા મુજબ, ભારતમાં૩૦ ટકા કેન્સર માત્ર તમાકુના સેવનથી થાય છે. એક અંદાજ મુજબ સામાન્ય રીતે તમાકુનો શિકાર ૧૨ થી ૧૭ વર્ષની વયના સગીર વધુ થાય છે. વેસ્ટર્ન કલ્ચર અને ફિલ્મોનું આંધળું અનુકરણ જેવા કારણોસર સગીરવયે વ્યક્તિ વિવિધ વ્યસનોનો શિકાર બને છે.

વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા દર વર્ષે ૩૧ મેના દિવસને "વિશ્વ તમાકુ નિષેધ દિવસ" તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે વિવિધ કાર્યક્રમો દ્વારા લોકોને તમાકુની શરીર ઉપર થતી હાનિકારક અસરોથી અવગત કરાવી નાગરીકોને તમાકુ મુક્તિ માટે પ્રેરણા આપવામાં આવે છે. વિશ્વ આરોગ્ય સંસ્થા **(WHO)**દ્વારા વર્ષ ૨૦૨૩ની થીમ તરીકે "આપણને ખોરાકની જરૂર છે, તમાકુની નહીં" – **"WE NEED FOOD, NOT TOBACCO"** રાખવામાં આવી છે.

તમાકુ નિષેધ દિવસ સંદર્ભે ગુજરાત કેન્સર રીસર્ચ ઈનસ્ટીટયુટના ડિરેક્ટર ડો. શશાંક પંડ્યા સાથે થયેલી વાતચીત મુજબ, તમાકુનુ સેવન માનવ શરીર માટે હાનિકારકની સાથે જીવલેણ પણ છે. તમાકુનું સેવન, ખાસ કરીને ધુમ્રપાન કરવાથી મુખ્યત્વે લંગ કેન્સર, હાર્ટ ડિસીઝ, મગજનો સ્ટ્રોક, અસ્થમા અને ટાઈપ-૨ ડાયાબિટીઝ જેવા રોગ થવાનો ખતરો રહેલો છે. ડો. શશાંકે મહાત્મા ગાંધીને ટાંકતા જણાવ્યું હતું કે, **"YOU MUST BE THE CHANGE YOU WISH TO SEE IN THE WORLD"** તમાકુનું સેવન અટકાવવા શરુઆત જાતથી જ કરવી પડશે જેના માટે પ્રત્યેક નાગરીકે એક મંત્ર અપનાવવો પડશે. ના હું તમાકુનું સેવન કરીશ, ના પરિવારના કોઈ સભ્યને તમાકુનુ સેવન કરવા દઈશ આ મંત્રથી નાગરીકોમાં જાગૃતતા આવશે અને તમાકુનુ સેવન અટકશે.

તમાકુથી થતા નુકસાનથી બચવા શું કરવું જોઈએ તેના સંદર્ભમાં વાત કરતા જણાવ્યું હતું કે, તમાકુના ઉપયોગના જોખમો વિશે મિત્રો અને પરિવાર સાથે વાત કરવી જોઈએ. જો તેઓ ધૂમ્રપાન કરતા હોય તો તેમને ધૂમ્રપાન છોડવા માટે પ્રોત્સાહિત કરીતેમને છોડવામાં મદદ કરવી જોઈએ. ધૂમ્રપાન-મુક્ત કાર્યસ્થળો અને સ્વાદવાળી તમાકુ ઉત્પાદનો ઉપર પ્રતિબંધ વગેરે જેવા તમાકુ નિયંત્રણ કાયદાઓ કે જે તમાકુનો ઉપયોગ ઘટાડવામાં મદદ કરી શકે છે તેનું સમર્થન કરવું જોઈએ. આ ઉપરાંત તમાકુનું સેવન છોડાવવા માટે નજીકના મેડિકલ સેન્ટર્સ ઉપર મનોચિકિત્સકની મદદ પણ લઈ શકાય છે. આપણે સૌએ સાથે મળીને કામ કરીને, તમાકુનો ઉપયોગ ઘટાડી દેશ અને વિશ્વને તમાકુના ચુંગાલમાંથી બચાવી નાગરીકોના સ્વાસ્થ્યનું રક્ષણ કરી શકીએ છીએ. તમાકુનું સેવનકર્તા વ્યક્તિ તેનું પોતાનું જ નહિ, પરંતુ તેના આખા પરિવારનું જીવન બરબાદ કરે છે. જે બાબત કેન્સર હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓ હાલ અનુભવી રહ્યા છે. જો કે તેમના માટે હવે 'મોડું થઈ ગયું' છે. 'જાગ્યા ત્યારથી સવાર સમજી'ને આજથી જ બને તેટલું વહેલા તમાકુનું સેવન બંધ કરશો તો કદાચ 'મોડું થઈ ગયું' શબ્દ સાંભળવામાંથી તમને મુક્તિ મળી જશે.

સૌરાષ્ટ્રભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# AI નવા યુગનો કાળો જાદુ

ચેટજીપીટીના જનક સૈમ આલ્ટમેને થોડા દિવસો અગાઉ કહયું હતું કે, ટેક કંપનીઓ જે પ્રકારે એઆઇ(આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એટલે કે કૃત્રિમ બુદ્ધિમત્તા)ના પ્રયોગને ઝડપથી વધારી રહી છે તેનાથી દુનિયાને ખતરો થઇ શકે છે. આથી સરકારોએ આ બાબતે લગામ ખેંચવી પડશે

જોકે એ વાત સ્વીકાર કરવી જ રહી કે છેલ્લા કેટલાક સમયથી એઆઈની ચોમેર ચર્ચાઓ થઇ રહી છે. પરંતુ એઆઇ અંગેની સાચી હકીકતથી મોટાભાગના લોકો અજાણ છે. લોકો સમજી રહ્યા છે કે ભવિષ્યનો સંસાર એઆઇ ચલાવશે. આ ધારણાની પુષ્ટિમાં વિશેષ પ્રકારનું સાહિત્ય, ફિલ્મો અને ઈન્ટરનેટ મીડિયાની પણ ભૂમિકા છે. જેમ કે રોબોટનું રાજ આવશે, કમ્પ્યુટર તમામ નોકરીઓ ખાઇ જશે, કેટલાક લોકો એકત્ર થઈને તમામ ચીજો પર નિયંત્રણ મેળવી લેશે વગેરે વગેરે.

મોટાભાગના લોકોનું માનવું છે કે, એઆઇના કારણે સરકારોની પોતાના નાગરિકો પરનું મોનેટરીંગ વધી જશે. જયારે મોટી કંપનીઓના સૌ નાના કર્મચારી બની રહેશે. જો કે આ તમામ ધારણાઓ પૂર્ણતઃ ખોટી નથી પરંતુ શું વાસ્તવમાં સ્થિતિ ખરેખર એટલી ડરામણી છે કે આ ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલા કેટલાક લોકો તેને ભયાનક દર્શાવી રહ્યા છે?

જો કે નવી શોધ અને તેની સાથે જોડાયેલા લોકો તેમજ કંપનીઓ તેનો પ્રભાવને વધારો કરીને રજૂ કરતા હોય છે. જે તેમના હિતોના સંદર્ભમાં સ્વાભાવિક પણ છે. એ સત્ય છે કે વર્તમાન યુગમાં એલ્ગોરિદમ આધારિત એઆઇ યુકત મશીન જેમ કે ચેટજીપીટી મોટા પ્રમાણમાં વ્યકિતઓના બદલે નિર્ણય લઈ રહ્યા છે. આપણે ટીવી પર શું જોઈએ છીએ?, દુકાનથી શું ખરીદયું? કેવું સંગીત સાંભળીએ છીએ? વગેરે આદતોને સમજીને તેની સાથે જોડાયેલા તમામ નિર્ણય મોટાભાગે અલ્ગોરિદમ આધારિત ટેકનીક લઈ રહી છે.

મતલબ કે અલ્ગોરિદમ આપણા જીવનને ધીરે ધીરે બદલી રહયું છે. પરંતુ તેને પૂરી રીતે સમજવું હજી સંભવ નથી. સંભવ છે કે તેનું પ્રચલન વધવા સાથે સાથે આપણી જાગૃતતા પણ વધશે. ત્યારે જ નકકી થઇ શકશે કે એઆઇ નવા યુગનો કાળો જાદુ છે કે એક એવી ટેકનીક તેને અંતતઃ મનુષ્ય જ હંકારશે!

એઆઇ ફકત તર્ક પર કામ કરી શકે છે. પણ મનુષ્ય તેનાથી અનેકગણો સૂક્ષ્મ અને જટિલ જીવ છે. સાથોસાથ મનુષ્ય તર્કસંગત હોવા સાથે જાણીબૂઝીને અતાર્કિક પણ છે. માનવ વિશેષતાઓની અનેક ઓળખ છે, જેમ કે અંતજ્ઞાન, ભાવના, શરારત, પૂર્વાગ્રહ, હઠ વગેરે. જયારે એઆઇ યુકત મશીનની પાસે આ ગુણ નથી. તે ફકત ગણિત,ડેટા અને તર્ક પર જ આધારિત છે. એઆઇ ટેકનીક હંમેશા સ્થિર દુનિયાના સિદ્ધાંત પર કામ કરી શકે છે. જો કોઇ પણ સમસ્યા જયાં નિયમ પરિભાષિત હોય, હાલત સ્થિર અને તેના નિરાકરણનો સિદ્ધાંત સટીક છે તો એઆઇ લાખો-કરોડો આંકડાઓનું વિશ્લેષણ પળભરમાં કરીને પ્રજ્ઞાવાન સમૂહને પરાસ્ત કરી શકે છે. પરંતુ જીવનની તમામ સમસ્યાઓને ગણિતમાં બદલી શકાતી નથી. મોટાભાગના મુદ્દાઓમાં તર્ક-વિતર્ક હોય છે. બેવડું વલણ ધરાવતા લોકો હોવા સાથે માનવીય ભાવનાઓ પણ જોડાયેલી છે. મતલબ કે વાસ્તવિક જીવન હંમેશા ગણિતની જેમ ચાલતું નથી.

ઉદાહરણ તરીકે ભારતના પૂર્વ વડાપ્રધાન અટલબિહારી વાજપેયીએ ૧૯૯૨માં બિહારમાં એક રેલીમાં કહયું હતું કે, ’કોઇ નહીં હૈ રાસ્તા, અબ ખાના પડેગા પાસ્તા?’ આ વાકય દ્વારા અટલજીએ તે સમયની રાજકીય સ્થિતિ અને દેશની સામેના પડકારોના સ્પષ્ટ સમાધાનમાં કમી અંગે પોતાની નિરાશા વ્યકત કરી હતી. ત્યારથી આ વાકય દેશમાં લોકપ્રિય સાંસ્કૃતિક સંદર્ભ પણ બની ગયું છે. જેમાં કોઇ સમસ્યાના નિરાકરણમાં પોતાને અસહાય સમજવામાં આવે ત્યારે આ વનલાઈનરનો ઉપયોગ કરવામાં આવે છે.

વાસ્તવમાં કરોડો ડેટા બિંદુઓને જોડીને, વ્યાકરણના નિયમોના સંદર્ભમાં જવાબ તો કમ્પ્યુટર જ આપી શકે. પરંતુ તે પોતે તે ઉત્તરને સમજી શકતો નથી. મતલબ કે કમ્પ્યુટર કુલ મળીને અત્યંત પ્રભાવશાળી ગણના મશીન છે એટલું પર્યાપ્ત છે. એઆઈમાં કરોડો કમ્પ્યુટર એકસાથે વ્યકિત દ્વારા પૂછાયેલ સમસ્યાનું નિરાકરણ શોધવા માટે એકજૂથ થઈને તૂટી પડે છે. નિરાકરણ પણ શોધે છે. પરંતુ વાસ્તવમાં તે સમસ્યાને સમજવાની ક્ષમતા એઆઇ પાસે હોતી નથી.

એઆઇ ત્યાં કામ કરે છે જયાં નિયમ પરિભાષિત હોય છે અને સ્થિતિ સ્થિર હોય છે. જે સંબદ્ધતા અને સહ-સંબંધતા દ્વારા કામ કરે છે. જેમ કે અટલજીના પ્રશ્ન પાસ્તા અને ભારતના કોઇ જનનેતા વચ્ચે કોઇ સંબંધ જ નથી પણ કમ્પ્યુટર આ વાત સમજી શકશે નહી. આથી જ કદાચ આ મામલે એઆઇ બોલી પણ ઉઠે કે, શું ફાલતું સવાલો કરો છો? કારણ કે તેની એ ક્ષમતા હોતી નથી કે સ્વયં સમજીને નિર્ણય લઈ શકે કે તેનો ઉત્તર અસંગત, મૂર્ખતાપૂર્ણ છે કે હાસ્યાસ્પદ.

એઆઇ સમજવા યોગ્ય પાઠ તો લખી શકે છે, વિડીયો બનાવી શકે છે, ચિત્રકામ કરી શકે છે, સલાહ આપવા સહિતની બાબતોમાં સુક્ષ્મ છે પરંતુ તે વિશ્વમાં વસતા મનુષ્યની પ્રાકૃતિક બુદ્ધિની જેમ ન તો સમજી શકે છે કે ન તો અનુભવી શકે છે. સામાન્ય જ્ઞાન ભલે અધિક હોય પરંતુ અંતજ્ઞાન, ભાવનાત્મક બુદ્ધિમત્તા અને પ્રાસંગિકતા ફકત માનવની પાસે જ છે અને રહેશે. આથી જે માનવની સૂઝબુઝથી જ આ એઆઇને જન્મ અપાયો છે, તેની બુદ્ધિ કરતા તેને બનાવનારની બુદ્ધિ બે પગલાં આગળ જ રહેશેની વાસ્તવિકતા છે.

# રાજ્યમાં વીજ મટિરીયલની કોઈ અછત નથીઃ નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી કનુભાઈ દેસાઈ



## પદાધિકારીઓની રજૂઆતો અન્વયે હકારાત્મક ઉકેલ લાવવા ઉચ્ચ અધિકારીશ્રીઓને મંત્રીશ્રીનું સૂચન

ગાંધીનગર તા. ૩૧

નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સને લગતી બાબતોના મંત્રી શ્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષ સ્થાને સંસદસભ્યશ્રીઓ તથા ધારાસભ્યોની સ્થાયી પરામર્શ સમિતિની બેઠક આજે ગાંધીનગર ખાતે યોજાઈ હતી. જેમાં તેમણે જણાવ્યું હતું કે સ્થાનિક કક્ષાએ વાયર, થાંભલા, ટ્રાન્સફોર્મર જેવા કોઈપણ વીજ મટિરિયલની અછત રાજ્યમાં નથી. આથી રહેણાંક, ખેતી કે ઉદ્યોગ માટેની તમામ અરજીઓનો સુચારૂ રીતે નિકાલ કરવામાં આવી રહ્યો છે. આ બેઠકમાં સંબંધિત વિભાગની કામગીરી અને બંને પક્ષના પ્રશ્નો અંગે હકારાત્મક અને વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી અને સાંસદશ્રીઓ તથા ધારાસભ્યશ્રીઓએ સુધારાવાદી સૂચનો કર્યા તેમજ હાલની વીજ પરિસ્થિતિ અગાઉ કરતા ઘણી સંતોષકારક હોવાની લાગણી વ્યકત કરી હતી.

મંત્રી શ્રી દેસાઈએ આ પ્રસંગે કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલી ગુજરાતની વિકાસયાત્રાને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ટીમ ગુજરાત આગળ ધપાવી રહી છે. ગુજરાતના વિકાસને વધુ વેગવંતો બનાવવામાં નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનું યોગદાન ખૂબ મહત્વપૂર્ણ છે. સ્થાનિકોના પ્રશ્નો સંસદસભ્યો-ધારાસભ્યશ્રીઓ રાજ્ય સરકાર સુધી પહોંચાડે છે જેના આધારે જ રાજ્ય સરકાર તેમના પ્રશ્નોનો યોગ્ય નિકાલ લાવી શકે છે. આથી આ બેઠક ખૂબ મહત્વની સાબિત થઈ રહેશે એવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

વધુમાં તેમણે રાજ્યમાં આગામી બે વર્ષ સુધીમાં ખેડૂતોને દિવસે વીજળી મળી રહે તે અંગેની કામગીરી પ્રગતિ હેઠળ છે, જે માટે વીજલાઈનોનનું માળખાકીય સુદઢીકરણ ચાલું હોવાનું જણાવ્યું હતું. તેમણે ઊર્જા વિભાગની પ્રસંશા કરતાં કહ્યું હતું કે, મહામારીમાં વૈશ્વિક સ્તરે કોલસા અને ગેસની અછત સર્જાઈ હતી, જેના કારણે પાવર પ્લાન્ટ્સની ઊત્પાદન ક્ષમતા ઓછી હતી. આવા કપરાં કાળમાં પણ રાજ્યના ઊર્જા વિભાગ દ્વારા એકપણ દિવસના પાવર કટ વિના ચોવીસ કલાક વીજળી પૂરી પાડી છે.

પરામર્શ સમિતિના સભ્ય સંસદસભ્ય-ધારાસભ્યશ્રીઓ દ્વારા સંબંધિત વિભાગવાર જુદી-જુદી રજૂઆતો કરવામાં આવી હતી. જેમાં ખેડૂતોને દિવસે વીજળી પૂરી પાડવા, ગેસ પાઈપલાઈન તથા વીજવિતરણ લાઈન નાંખતા પૂર્વે સ્થાનિક ખેડૂતો સાથે સંકલન કરવું, ગ્રામ્યકક્ષાએ વીજ બિલની ૨૦ હજાર સુધીની રોકડ રકમ સ્વીકારવા, શહેરી વિકાસ અંતર્ગત અન્ડરગ્રાઉન્ડ વીજલાઈન નાંખવા, સોલર રૂફટોપ અંતર્ગત પેદા થતી વીજળીનું યુનિટદીઠ વળતર વધારવા, રહેણાંકના કનેકશનના ટ્રાન્સફરના કિસ્સામાં કનેકશન ડિપોઝીટની રકમ ફરીથી ન ભરવા, વીજચોરીના કિસ્સામાં પોલીસની મદદથી ઝુંબેશ ચલાવવા, વીજ હેલ્પલાઈનની કામગીરી યોગ્ય રીતે થાય તે સુનિશ્ચિત કરવા, ચોમાસા પૂર્વે વીજલાઈન-થાંભલા આસપાસના જોખમી વૃક્ષોનું ટ્રિમીંગ કરવા વગેરે જેવા મુદ્દે ચર્ચા-વિમર્શ થયો હતો. આ ઉપરાંત વીજ વિતરણની કામગીરી સુદઢ બનાવવા સંદર્ભે ટ્રાયબલ સબ પ્લાન કે વનબંધુ યોજના અંતર્ગત વધુ નાણાં ફાળવવા અંગે પણ મંત્રીશ્રી સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી.

આ બેઠકમાં સંસદસભ્ય શ્રી નારણભાઈ કાછડીયા, સંસદસભ્ય શ્રી દિનેશભાઈ અનાવાડીયા, નાયબ દંડક અને ડાંગના ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલ, માંજલપુરના ધારાસભ્ય શ્રી યોગેશભાઈ પટેલ, કાંકરેજના ધારાસભ્ય શ્રી અમૃતજી ઠાકોર, પ્રાંતિજના ધારાસભ્ય શ્રી ગજેન્દ્રસિંહ પરમાર, સાવલીના ધારાસભ્ય શ્રી કેતનભાઇ ઈનામદાર, સાણંદના ધારાસભ્ય શ્રી કનુભાઈ પટેલ, ધોળકાના ધારાસભ્ય શ્રી કિરીટસિંહ ડાભી તથા ગીર સોમનાથના ધારાસભ્ય શ્રી વિમલભાઈ ચુડાસમાએ ઉપસ્થિત રહી પોતાના વિસ્તારની વિવિધ રજૂઆતો અન્વયે વિચાર-વિમર્શ કર્યો હતો. ઉપરાંત તમામ સભ્યશ્રીઓએ ઊર્જા વિભાગની કામગીરીથી તેમજ નાણા વિભાગ દ્વારા સમયસર ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવે છે તે બાબતે સંતોષ વ્યકત કર્યો હતો.

# પતિ કરતા વધુ કમાય તો પત્નીને ભરણપોષણ ન મળી શકે : કોર્ટ

મુંબઈ, તા.૩૧

મુંબઈની એક સેશન્સ કોર્ટે પતિ-પત્નીના અલગ થયા બાદ ભરણપોષણના દાવાને લઈને મોટો ચુકાદો આપ્યો છે. કોર્ટે મહિલાને વચગાળાનું ભરણપોષણ આપવાના મામલે રાહત આપવાનો ઈનકાર કર્યો હતો. ટ્રાયલ કોર્ટે આદેશ આપ્યો હતો કે મહિલા તેના પૂર્વ પતિ કરતા વધુ કમાય છે, તેથી તેને ભરણપોષણ મળશે નહીં. ટ્રાયલ કોર્ટના આદેશ બાદ મહિલાએ સેશન્સ કોર્ટમાં અરજી કરી હતી. સેશન્સ કોર્ટે પણ આ આદેશને યથાવત રાખ્યો છે. કોર્ટે કહ્યું કે મહિલાની આવક તેના પૂર્વ પતિ કરતા ચાર લાખ રૂપિયા વધુ છે. આ મામલે સુનાવણી કરતા જસ્ટીસ સીવી પાટિલે જણાવ્યું કે, આ કેસમાં મેજિસ્ટ્રેટ કોર્ટે જે



નિર્ણય કર્યો છે તે પરિસ્થિતિઓને જોતા બરાબર છે, કોર્ટે કહ્યું કે, મહિલાની ઈનકમ તેના પૂર્વ પતિ કરતા ૪ લાખ રૂપિયા વધારે છે. ઉલ્લેખનીય છે કે, મહિલાએ વર્ષ ૨૦૨૧માં પતિ અને સાસરિયાઓ સામે ઘરેલું હિંસાનો કેસ કર્યો હતો. જેમાં તેણે જણાવ્યું હતું કે, બાળકના જન્મ બાદ તેને બળજબરીથી પિયર મોકલી દેવામાં આવી હતી. ત્યારબાદ કોર્ટે પતિને માસિક ૧૦૦૦૦ રૂપિયા ભરણપોષણ આપવાનો આદેશ કર્યો હતો, જેથી બાળકનો ઉછેર થઈ શકે.

મહિલાએ કોર્ટમાં જણાવ્યું કે જ્યારે તે ગર્ભવતી થઈ ત્યારે તે તેના પતિ સાથે રહેતી હતી. તેણે એમ પણ કહ્યું કે તેના પતિની જાતીય તકલીફ માટે સારવાર કરવામાં આવી રહી છે, પરંતુ તેણે તે જાહેર કર્યું નથી. જ્યારે તેના પતિ અને સંબંધીઓને તેણીની ગર્ભાવસ્થા વિશે જાણ થઈ, ત્યારે તેઓએ તેના ચારિત્ર્ય પર શંકા કરી હતી. ટ્રાયલ કોર્ટના આદેશ બાદ મહિલાએ સેશન્સ કોર્ટમાં અરજી કરી હતી. કોર્ટે કહ્યું કે એ વાત સાચી છે કે કમાણી કરનાર મહિલાને પણ ભરણપોષણ મળવું જોઈએ, પરંતુ આ કેસમાં સંજોગોને ધ્યાનમાં લેવું ખૂબ જ જરૂરી છે. જો મહિલા તેના પૂર્વ પતિ કરતા વધુ કમાતી હોય તો તેને ભરણપોષણની જરૂર નથી. બીજી તરફ પતિ વધુ કમાતો હોય તો પણ સંજોગો જોવું જરૂરી છે. ન્યાયાધીશે એમ પણ કહ્યું કે ઘરેલું હિંસા અધિનિયમ હેઠળ રેકોર્ડ પર ઉપલબ્ધ સામગ્રીના આધારે જ પ્રારંભિક તબક્કે વચગાળાનો આદેશ પસાર કરવો જરૂરી છે. આ તબક્કે વિગતોમાં જવું જરૂરી નથી. તેથી કેસની હકીકતોને ધ્યાનમાં લઈને મેજિસ્ટ્રેટે બાળકને ભરણપોષણ મંજૂર કર્યું. પક્ષકારો વચ્ચેના સંજોગો અને તથ્યોને ધ્યાનમાં લેતા આ તબક્કે બાળકની કાયદેસરતા વિશે મેજિસ્ટ્રેટના અવલોકનો કાયદેસર અને યોગ્ય છે તેવું ન્યાયાધીશે જણાવ્યું હતું. મેજિસ્ટ્રેટ કોર્ટના નવેમ્બર ૨૦૨૨ના આદેશ બાદ પતિ-પત્ની બંનેએ સેશન્સ કોર્ટમાં અપીલ દાખલ કરી હતી. જેમાં પતિએ પોતાના અને બાળક માટે ભરણપોષણ વધારવાની માંગ કરી. જો કે, પતિએ બાળકના પિતા હોવાનો ઈનકાર કર્યો હતો.

# શંખપુષ્પીના ફૂલો દવા કરતા વધારે અસરદાર છે

નવી દિલ્હી, તા.૩૧

આપણે સામાન્ય બીમારીઓ થતાં જ ડોક્ટરની પાસે દવા લેવા પહોંચી જઈએ છીએ. સામાન્ય બીમારીઓ કે સ્વાસ્થ્ય સમસ્યાઓના ઈલાજ માટે સતત દવાઓનો ઉપયોગ પણ ઘણીવાર સ્વાસ્થ્ય માટે જોખમી સાબિત થઈ શકે છે. કેટલીક બીમારીઓને તમે આસપાસ મોજૂદ છોડ-ફૂલ અને જડીબુટ્ટીઓથી પણ ઠીક કરી શકો છો, બસ તેનો યોગ્ય રીતે ઉપયોગ કેવી રીતે કરવો જોઈએ તેની જાણકારી તમારી પાસે હોવી જોઈએ. આયુર્વેદમાં અનેક છોડ-વૃક્ષ, તેમાંથી મળતા પાન, ફૂલ, ડાળખી અને છાલના ઉપયોગ દવાઓ અને ઉપચારમાં કરવામાં આવે છે. આવું જ એક શક્તિશાળી ફૂલ છે અપરાજિતા જેને ગુજરાતમાં આપણે શંખપુષ્પીના ફૂલથી ઓળખીએ છીએ. આયુર્વેદિક એક્સપર્ટ ડો. દીક્ષા ભાવસાર અનુસાર, વાદળી રંગના આ ફૂલમાં પીરિયડ્સ દરમિયાન થતાં પેઢૂમાં દુઃખાવો, શરીરનો દુઃખાવો, અસ્થમા, સૂકી અને



લાંબા સમયથી પરેશાન કરતી ખાંસી, તણાવ વગેરે દૂર કરવાની ક્ષમતા છે. અહીં જાણો, આયુર્વેદમાં અપરાજિતા ફૂલના ફાયદાઓ અને તેનો ઉપયોગ કેવી રીતે કરશો? આયુર્વેદમાં શંખપુષ્પીનો વિશેષ પ્રભાવ મેધ્યા છે, એટલે કે તેનાથી યાદશક્તિને મજબૂત બનાવી શકાય છે, તેથી બાળકો માટે આ ફૂલ ઉત્તમ છે. આ ઉપરાંત યૌન સમસ્યાઓમાં પણ આ ફૂલનો ઉપયોગ કરી શકાય છે. ડોક્ટર અનુસાર, તેના **Aphrodisiac** ગુણો યૌનશક્તિમાં સુધાર લાવે છે. આ ફૂલના ઉપયોગથી સતત માથાનો દુઃખાવો, માસિક ધર્મમાં થતી પરેશાની, શરીરના કોઈ પણ હિસ્સામાં દુઃખાવો, ઉર્જાની ઉણપ, કમજોર યાદશક્તિ, અસ્થમા, ખાંસી અને તણાવ દૂર કરવામાં મદદ મળે છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

પ્રેમ સૌથી કરો, વિશ્વાસ થોડાનો કરો પરંતુ કોઈનુંય કદાપિ ખરાબ ન કરવું.

- શેક્સપિયર

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.દએ-૧૩૯૨, મુ. જીલ્કાદ-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, જયેષ્ઠ સુદ-૧૧ નિર્જલા એકાદશી, ભીમ એકાદશી, શ્રી ગાયત્રી જન્મોત્સવ તા.૩૧ મે ૨૦૨૩, બુધવાર, પારસી તા.૧૯, મુસ્લિમ તા.૧૦, હસ્ત નક્ષત્ર, વ્યતિપાત યોગ, બવ કરણ, સૂ.ઉ.૬:૦૬, સૂ.અ.૭:૩૧

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ), સાંજે ૬:૩૦ ક. પછી જન્મેલા બાળકની રાશી તુલા (ર ત) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : ચિંતાનો ઉકેલ મળે. આરોગ્ય સંભાળવું.
વૃષભ : ભાગીદારથી લાભ થાય. પ્રિય પાત્રનો સહકાર મળે.
મિથુન : નાણાંભીડ તીવ્ર બને. મહત્વના કાર્યમાં રૂકાવટ આવે.
કર્ક : કાર્યબોજ હળવું બને. નવિન શુભ સમાચાર મળે.
સિંહ : પુરૂષાર્થ, પણ વિશેષ ફળ મળે. પ્રવાસમાં લાભ થાય.
કન્યા : મનમાં વ્યર્થ ક્રોધ રહે. સ્નેહી, પાડોશીથી સંઘર્ષ ટાળવો.
તુલા : વાહન-મકાનની ખરીદી થાય. લાભની તક સાંપડે. મિલન-મુલાકાતમાં સફળતા રહે.
વૃશ્ચિક : વ્યવસાયિક કાર્યો સફળ થાય. માનસિક ચિંતા રહે.
ધન : નાણાંભીડ અનુભવાય. ભાઈ-ભાંડુથી લાભ થાય.
મકર : નવિન આયોજન કરી શકશો.
કુંભ : જમીન-મકાનને લગતા કાર્યો થાય. ધન ખર્ચ થાય.
મીન : સ્નેહિથી મિલન, સંતાનોથી લાભ. મન પ્રફુલિત રહે.

# લગ્નની સૌથી અનોખી પરંપરા! જ્યાં છોકરીઓ ૪ લગ્ન કરે છે




ભારતીય સમાજ પોતાની વિવિધતા માટે દુનિયામાં જાણીતો છે. આ ભારતીય સમાજમાં લગ્નને લઈને અનેક પરંપરાઓ જોવા મળે છે. આજે અમે તમને એક એવી અનોકી પરંપરાની માહિતી આપવાના છીએ, જેને સાંભળી તમે ચોંકી જશો. હિમાચલ પ્રદેશના સાંગલાથી ૨૮ કિમી દૂર એક છિતકુલ નામનું ગામ છે, જ્યાં મહિલાઓને તે વાતની સંપૂર્ણ આઝાદી છે કે તે ચાર લગ્ન કરી શકે છે. ચોંકાવનારી વાત નથી કારણ કે આ પરંપરા ઘણા વર્ષો જૂની છે અને આરીચે ચાલી રહી છે.

દેશનું અંતિમ ગામ છે આ

સ્થાનીક લોકો પ્રમાણે છિતકુલનું ખાનપાન, રહેવાની ટેવ, પહેરવેશ અને અહીંની સંસ્કૃતિ દેશના બાકી ભાગકરતા અલગ છે. છિતકુલ તિબ્બેટ અને ચીનની સરહદની નજીક છે. તેને દેશનું છેલ્લું ગામ કહેવામાં આવે છે. અહીં પર દેશનું છેલ્લુ બસ સ્ટેન્ડ, અંતિમ પોસ્ટ ઓફિસ અને અંતિમ સ્કૂલ પણ હાજર છે. અહીં મહિલાઓને ૪ લગ્ન કરવાની છુટ આપવામાં આવી છે. હંમેશા જોવામાં આવે છે કે મહિલાઓ બે કે ચાર ભાઈઓ સાથે લગ્ન કરી શકે છે. પરંતુ તે જરૂરી નથી કે લગ્ન થાય છે તો મહિલાઓ પોતાના પતિઓની સાથે એક ઘરમાં રહે છે. સ્થાનીક લોકો માને છે કે મહાભારત કાળ દરમિયાન આ ગામની એક ગુફામાં કુંતી અને દ્રૌપદીએ વાસ કર્યો હતો. દ્રૌપદી અને કુંતીની સાથે લોકોએ સમય પસાર કર્યો ત્યારબાદ ૪ લગ્નવાળી પરંપરા તેણે પણ અપનાવી લીધી, ત્યારથી આ પરંપરા ચાલી રહી છે.

નથી લેવાતા સાત ફેરા

જ્યારે કોઈ એક પતિ પત્નીની સાથે રૂમમાં હોય છે, ત્યારે તે પોતાની ટોપી રૂમની બહાર દરવાજા પર છોડે છે. તેનો મતલબ છે કે પતિ-પત્ની એકાંતમાં રહેવા ઈચ્છે છે. આ કારણે બીજો પતિ તેના માહોલમાં દખલ આપતો નથી. સૌથી અજીબ વાત છે કે અહીં લગ્નમાં સાત ફેરા લેવામાં આવતા નથી પરંતુ બલી આપવામાં આવે છે. તમને જણાવી દઈએ કે અહીં પર લગ્ન બાદ પુત્રીને સંપત્તિનો કોઈ ભાગ આપવામાં આવતો નથી.

### ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળે લીધો નિર્ણય

# રાજ્યમાં લેવાતી ભરતી અને ખાતાકીય પરીક્ષાના મહેનતાણામાં કરાયો વધારો

## લઘુત્તમ રૂા. ૨૨૫થી લઈને રૂા. ૨૫૦૦ સુધીના મહેનતાણાના દર નક્કી કરાયા

ગાંધીનગર, તા.૩૧

ગુજરાત સરકારના વિવિધ વિભાગોમાં ભરતીની પરીક્ષાઓ લેતા ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા મહત્વનો નિર્ણય લેવાયો છે. જે મુજબ, મંડળ દ્વારા લેવાતી સીધી ભરતીની પરીક્ષાઓ અને ખાતાકીય પરીક્ષાઓના મહેનતાણાના દરમાં વધારો કરાયો છે. સીધી ભરતી અને ખાતાકીય પરીક્ષામાં ગૌણ સેવા પસંદગી મંડળ સાથે જોડાયેલા પરીક્ષાની કામગીરી કરતા તમામના મહેનતાણાના દરમાં વધારો કરવામાં આવ્યો છે. હવેથી તેમને વધુ રૂપિયા ચૂકવવામાં આવશે.

સેવા પંસદગી મંડળ દ્વારા જાહેર કરાયેલા પરપિત્રમાં જણાવાયું કે, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા યોજવામાં આવતી વર્ગ-૩ની સીધી ભરતીની સ્પર્ધાત્મક પરીક્ષાઓ તથા ખાતાકીય પરીક્ષાઓમાં નિમાતા સ્ટાફને ચૂકવવામાં આવતા મહેનતાણાના દર ઉપરોક્ત વંચાણે લીધેલ) અને (૨) સામેના આ વિગના તા.૧૦/૦૪/ ૨૦૧૫ અને તા.૨૦/૧૧/ ૨૦૧૮ના ઠરાવથી નક્કી કરવામાં આવેલ છે. પરંતુ ત્યારબાદ ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગરના તા.૧૯/ ૦૧/ ૨૦૧૭ના અને તા.૨૩/ ૦૯/ ૨૦૧૫ના કચેરી હુકમ ક્રમાંક બન/૨૦૧૬/૪૦૭૮૦થી આયોગ દ્વારા યોજાતી પરીક્ષાઓ માટે નિયુક્ત સાને ચૂકવવાના માનદ વેતન મહેનતાણાના દર સુધારવામાં આવેલ હોવાથી ગુજરાત ગૌણ પસંદગી મંડળ દ્વારા યોજાતી સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને ખાતાકીય પરીક્ષાઓના સંચાલન માટે નિયુક્ત અધિકારીઓ/ કર્મચારીઓના, પ્રાકિકો પરીક્ષકો તથા અન્ય પ્રાનુભાવોના પરીક્ષાલક્ષી અન્ય કામગીરી માટે તજજ્ઞો/ અધિકારીઓ/ કર્મચારીઓ માટેના મહેનતાણાના દર ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા નક્કી થયેલ દર મુજબ તેમજ કોમ્પ્યુટર પ્રોફિસિયન્સી ટેસ્ટના પ્રશ્નપત્રો તથા નેકમૂલ્યાંકનની કામગીરી માટેના મહેનતાણાના દર નવેસરથી નિયત કરવાનો નિર્ણય લેવાયો છે. પરિપત્રમાં જણાવ્યા મુજબ રૂા.૨૨૫થી રૂા. ૨૫૦૦ સુધીના મહેનતાણાની જાહેરાત કરાઈ છે. જેમાં પરીક્ષાના આગલા દિવસ માટે લઘુત્તમ કારકૂનને રૂા.૩૭૫થી લઈ કોઓર્ડિનેટરને સૌથી વધુ રૂા.૨૫૦૦ મહેનતાણું અપાશે. જયારે મહેનતાણાના જાહેર કરાયેલ દર મુજબ કોઓર્ડિનેટરને સૌથી વધુ એક સેશનના રૂા.૧૫૦૦, બે સેશનના રૂા.૨૦૦૦ તથા ત્રણ સેશનના રૂા.૨૦૦૦ જયારે સૌથી ઓછા કારકૂનને એક સેશનના રૂા.૨૨૫, બે સેશનના રૂા.૩૭૫ અને ત્રણ સેશનના રૂા.૫૦૦ નિર્ધારીત કરાયા છે.

# ધોરણ.૧૦માં ૮૦ ટકા કે તેથી વધુ પરિણામ લાવનારી સ્કૂલોની વિગતો મંગાવાતા મૂંઝવણ

## જ્ઞાનસેતુ શાળાઓ માટે સંચાલકો પાસેથી તાકીદે વિગતો મંગાવવામાં આવી હોવાની શક્યતા, સ્કૂલો પાસેથી પરિણામની સાથે ધોરણ-૬થી ૮ની સ્કૂલો અંગેની વિગતો પણ માંગવામાં આવી

અમદાવાદ, તા.૩૧

શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર કરેલા ધોરણ-૧૦ના પરિણામમાં ૮૦ ટકા કે તેના કરતા વધુ પરિણામ લાવનારી સ્કૂલોની વિગતો મંગાવવામાં આવતા સંચાલકો મુંઝવણમાં મુકાયા છે. સ્કૂલો પાસેથી જ્ઞાનસેતુને લઈને આ વિગતો મંગાવવામાં આવી રહી હોવાનું જાણવા મળે છે. કારણ કે, સ્કૂલો પાસેથી ધોરણ-૧૦ના પરિણામની વિગતો સાથે તેમની સ્કૂલમાં ધોરણ-૬થી ૮ ચાલે છે કે કેમ અને કયા માધ્યમમાં ચાલે છે તે અંગેની વિગતો પણ મંગાવવામાં આવી છે. ધોરણ-૧૦નું પરિણામ જાહેર કરાયા બાદ હવે સ્કૂલ સંચાલકો પાસેથી ૮૦ ટકા કરતા વધુ પરિણામ લાવનારી સ્કૂલોની માહિતી મંગાવવામાં આવી છે. રવિવારે રજા હોવા છતાં વહેલી સવારથી જ સમગ્ર રાજ્યમાં અને તેમાં પણ ખાસ કરીને અમદાવાદ શહેરના શાળા સંચાલકોને ફોન દ્વારા તેમજ સોશિયલ મીડિયાના માધ્યમથી ૮૦ ટકા કે તેના કરતા વધુ પરિણામ લાવનારી સ્કૂલોની વિગતો મંગાવવામાં આવી હતી. રાજ્યના શાળા સંચાલક મંડળ સમક્ષ પણ અનેક સંચાલકોએ આ મુદ્દે તપાસ કરી હોવાનું પણ સામે આવ્યું છે. ધોરણ-૧૦નું ૮૦ ટકા કે તેના કરતા વધુ પરિણામની વિગત સાથે સ્કૂલમાં ધોરણ-૬થી ૮ ચાલે છે કે કેમ તે અંગેની વિગતો પણ માંગવામાં આવી છે. જેથી જ્ઞાનસેતુના વિદ્યાર્થીઓ ફાળવવા માટે આ માહિતી માંગવામાં આવી હોવાની શંકા ઉભી થઈ છે. આવા અનેક પ્રશ્નો ઉપસ્થિત થઈ રહ્યા છે. જો કે, હવે આ મુદ્દે સંચાલક મંડળ દ્વારા કચેરીમાં તપાસ કરી કયા કારણોસાર રાજયના શાળા સંચાલકો પાસેથી આ અંગેની વિગતો મંગાવવામાં આવી રહી છે તેની વિગતો મેળવશે.

# ૫૦ વર્ષથી ઓછી ઉંમરના લોકોમાં હાર્ટ એટેકની ઘટનાઓ કેમ વધી રહી છે ? કાર્ડિયાક અરેસ્ટના કેસોમાં વધારો થવાના કારણો

(એજન્સી) તા.૩૧

તાજેતરના સમયમાં, ભારતમ અનેક પ્રખ્યાત હસ્તીઓ હાર્ટ એટેકને કારણે મૃત્યુ પામી છે. દેશભરમાં આવી આઘાતજનક ઘટનાઓ બની હતી. આમાંના ઘણા કલાકારો, જેમ કે નિતેશ પાંડે અને સિદ્ધાર્થ શુક્લા, તેમના ૪૦ના દાયકાના અંતમાં અથવા ૫૦ના દાયકાના પ્રારંભમાં હતા અને તેમને હૃદયની બિમારી થઈ હતી. ટીવી એક્ટર નિતેશ પાંડેનું ૫૩ વર્ષની વયે અચાનક કાર્ડિયાક અરેસ્ટને કારણે મૃત્યુ થયા બાદ એવું નોંધવામાં આવ્યું હતું કે ૫૦ વર્ષથી ઓછી ઉંમર હોવા છતાં છેલ્લા બે વર્ષમાં ઘણા લોકો હાર્ટ એટેકના કારણે મૃત્યુ પામ્યા છે. ઈન્ડિયન હાર્ટ એસોસિએશનના જણાવ્યા અનુસાર, ભારતીય પુરૂષોમાં આવતા ૫૦ ટકા હાર્ટર એટેક એ ૫૦ વર્ષ અથવા ૫૦ વર્ષથી ઓછી ઉંમરના પુરૂષોમાં હોય છે.૨ આમાંના મોટાભાગના મૃત્યુ અચાનક કાર્ડિયાક અરેસ્ટને કારણે થાય છે. અચાનક કાર્ડિયાક અરેસ્ટનો અર્થ એ છે કે હૃદયની બીમારી અંગે કોઈપણ ચેતવણી વિના અથવા અગાઉ કોઈપણ લક્ષણો વિના હૃદય અચાનક કામ કરવાનું બંધ કરે છે. અમુક સંશોધન અને અભ્યાસો અનુસાર, પુરૂષોમાં ૫૦ ટકા હાર્ટ એટેક એ ૫૦ વર્ષની ઉંમર પહેલા આવે છે. વધુમાં, દેશમાં ૫માંથી ૧ હાર્ટ એટેક ૫૦ વર્ષથી ઓછી ઉંમરની વ્યક્તિને આવે છે. યુવાન લોકોમાં આવા હૃદયના હુમલાઓ વધવા પાછળનું કારણ શું છે ?

**શા માટે ૫૦ વર્ષથી ઓછી ઉંમરના લોકોને હાર્ટ એટેક આવે છે ?**

સૌ પ્રથમ, હૃદય રોગ માટે મુખ્ય આનુવંશિક ઘટક છે. આનો અર્થ એ થયો કે જો તમારા પરિવારમાં કોઈને હૃદયની બીમારી છે, તો તમને નાની ઉંમરે કાર્ડિયાક અરેસ્ટ થવાનું જોખમ વધારે છે. જો તમે સક્રિય જીવનશૈલી જીવો અને તંદુરસ્ત આહારનું પાલન કરો તો આ અટકાવી શકાય છે.

બીજું એક પરિબળ ભારતમાં કોલેસ્ટ્રોલના કેસોનું વધતું જતું સ્તર છે. તબીબોના મતે ભારતીયોનું શરીર ખરાબ કોલેસ્ટ્રોલ અને ટ્રાઈગ્લિસરાઈડ્સના સંચય માટે આનુવંશિક રીતે ખૂબ જ સંવેદનશીલ હોય છે. હાઈ કોલેસ્ટ્રોલ અને ટ્રાઈગ્લિસરાઈડ્સ હૃદય માટે અત્યંત ખરાબ છે, જેનાથી અચાનક કાર્ડિયાક અરેસ્ટ થવાનું જોખમ વધી જાય છે. ડાયાબિટીસના દર્દીઓમાં હાર્ટ એટેકનું જોખમ અન્ય લોકો કરતા વધુ હોય છે. આંકડાઓ અનુસાર, ભારતમાં ૧૮ વર્ષથી વધુ ઉંમરના લગભગ ૭.૭ કરોડ લોકોને ડાયાબિટીસ છે. લગભગ ૨.૫ કરોડ લોકોને પ્રી-ડાયાબિટીસ છે. આનો અર્થ એ છે કે નજીકના ભવિષ્યમાં તેમને ડાયાબિટીસ થવાનું જોખમ વધારે છે. અન્ય પરિબળ જે યુવાનોમાં કાર્ડિયાક અરેસ્ટ થવાનું કારણ છે તે ઉચ્ચ-તીવ્રતા સાથેનું વર્કઆઉટ અથવા જીમિંગ છે. જીમમાં જવું એ તંદુરસ્ત જીવનશૈલી છે, પણ અત્યંત ઉચ્ચ-તીવ્રતાવાળા વર્કઆઉટ્સ તમારા હૃદયના ધબકારા અને બ્લડ પ્રેશરને નિયંત્રણની બહાર વધારી શકે છે, જેનાથી અચાનક હાર્ટ એટેક આવે છે.

# પ્રેસ ક્લબ ઓફ ઈન્ડિયાએ લોકસભાની પ્રેસ ગેલેરીમાં પત્રકારો માટે બિનપ્રતિબંધિત પ્રવેશની માંગણી કરી

નવી દિલ્હી, તા.૩૧

પ્રેસ ક્લબ ઓફ ઈન્ડિયાએ સંસદ પરિસરમાં મીડિયા કર્મચારીઓ માટે કોવિડ-૧૯ પહેલાના દિવસોની જેમ જ સંપૂર્ણ પ્રવેશ પુર્નઃ સ્થાપિત કરવાની માંગ કરી છે. તે 'એક ગતિશીલ અને જાણકાર નાગરિક અને લોકશાહીને પ્રોત્સાહન આપવા માટે આવશ્યક છે. લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાને લખેલા પત્રમાં પ્રેસ કલબના પ્રમુખ ઉમાકાંત લખેરા અને સેક્રેટરી જનરલ વિનયકુમારે જણાવ્યું હતું કે, ૨૮ મેના રોજ નવા સંસદ ભવનનું ઉદ્દ્ઘાટન થઈ રહ્યું છે, તેથી તેઓ તેમનું ધ્યાન તેના તરફ દોરવા માંગે છે. છેલ્લા ઘણા સત્રોથી સંસદીય કાર્યવાહીને કવર કરતા પત્રકારોના પ્રવેશ ઉપર અવિરત પ્રતિબંધો છે. તેઓએ માંગ કરી હતી કે નિષ્ક્રિય લોકસભા પ્રેસ સલાહકાર સમિતિની તાત્કાલિક પુર્નઃરચના કરવામાં આવે. જ્યારે વિવિધ ક્ષેત્રો જેમ કે મોલ્સ, સિનેમા હોલ, રેસ્ટોરાં, શાળાઓ અને જાહેર સ્થળો એપ્રિ-પેન્ડેમિક સ્તરે તેમની કામગીરી ફરી શરૂ કરી દીધી છે, ત્યારે તે નોંધવું નિરાશાજનક છે કે, પત્રકારોને હજુ પણ સંસદમાં તેમની યોગ્ય પહોંચથી વંચિત રાખવામાં આવ્યા છે. તેઓએ કહ્યું કે, છેલ્લા ઘણા દાયકાઓથી સંસદની કાર્યવાહીને કવર કરી રહેલા મોટી સંખ્યામાં પત્રકારોને કાયમી પ્રેસ ગેલેરી પાસ હોવા છતાં સંસદની કાર્યવાહીને કવર કરવાની તક નકારી કાઢવામાં આવી રહી છે. પ્રેસ ક્લબના નેતાઓએ સ્વીકાર્યું હતું કે, મીડિયા વ્યક્તિઓ ઉપરના આ નિયંત્રણો ૨૦૨૦ના બજેટ સત્ર દરમ્યાન કોવિડ-૧૯ રોગચાળાના સરકારના પ્રતિબંધોને પગલે લાગુ કરવામાં આવ્યા હતા. તેઓએ વિવિધ પ્રસંગોએ સ્પીકરનું ધ્યાન દોરવા માટેના તેમના વારંવારના પ્રયાસોનો ઉલ્લેખ કર્યો હતો. પદાધિકારીઓએ જણાવ્યું હતું કે, સંસદમાં પત્રકારોના પ્રવેશ ઉપરના પ્રતિબંધ માટે કોઈ નક્કર કારણ કે, દલીલ દ્વારા સમર્થન આપવામાં આવ્યું નથી. પત્રમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, આ પ્રતિબંધોનો અર્થ વિશ્વની સૌથી મોટી લોકશાહીના લોકો માટે સ્વતંત્ર સમાચાર વાર્તાઓ અને માહિતીના મુક્ત પ્રવાહમાં અવરોધ ઊભો કરે છે. બંને પદાધિકારીઓએ ૫મી મે ૨૦૨૩ના રોજ વિશ્વ આરોગ્ય સંસ્થાની ઘોષણા તરફ તેમનું ધ્યાન દોર્યું હતું કે કોવિડ-૧૯ હવે વૈશ્વિક સ્વાસ્થ્ય કટોકટી નથી. તેઓએ કહ્યું કે, આ પ્રતિબંધો તેમના જાણવાના અધિકારને અવરોધે છે જે બંધારણની કલમ ૧૯માં સમાવિષ્ટ પ્રેસની સ્વતંત્રતા ઉપર સીધી અસર કરે છે. આ પત્રમાં અસંખ્ય વિપક્ષી નેતાઓ વિશે વાત કરવામાં આવી હતી જેમણે સેન્ટ્રલ હોલ અને સંસદની પ્રેસ ગેલેરીમાં મીડિયા વ્યક્તિઓ ઉપરના આવા પ્રતિબંધોને તાત્કાલિક પાછા ખેંચવાની માગણી કરી હતી. પદાધિકારીઓએ કહ્યું કે, તે ખૂબ જ ચિંતાજનક છે કે, પ્રેસ ક્લબ ઓફ ઈન્ડિયા અને એડિટર ગિલ્ડ ઓફ ઈન્ડિયા સહિત અન્ય પ્રતિષ્ઠિત પત્રકાર સંસ્થાઓ દ્વારા વારંવાર વિનંતીઓ કરવા છતાં આ પત્રકાર વિરોધી વલણને સુધારવા માટે કોઈ નોંધપાત્ર પગલાં લેવામાં આવ્યાં નથી. આ બંને મીડિયા નેતાઓએ આરોપ લગાવ્યો હતો કે આ પ્રતિબંધોએ માત્ર સંસદીય કાર્યવાહી ઉપર રિપોર્ટ કરવાની મીડિયાની ક્ષમતાને જ અવરોધતા નથી પરંતુ સરકાર, મીડિયા અને સંસદસભ્યો વચ્ચેના સંદેશાવ્યવહારની મહત્ત્વપૂર્ણ કડીને પણ તોડી નાખી છે. આવા અવરોધ વિચારોના લોકતાંત્રિક આદાનપ્રદાનને અવરોધે છે, જાહેર પ્રવચનને મર્યાદિત કરે છે અને સંસદીય પ્રણાલીની જવાબદારી અને પારદર્શિતાને નબળી પાડે છે. તેઓએ કહ્યું કે, અમને એ પણ જાણ કરવામાં આવી છે કે, નવી સંસદની ઈમારતમાં સેન્ટ્રલ હોલનો અભાવ છે, જે સંસદસભ્યો અને મીડિયા વ્યક્તિઓ વચ્ચે અવરોધ ઊભો કરવાનો ઈરાદાપૂર્વકનો પ્રયાસ હોવાનું જણાય છે. પદાધિકારીઓએ સ્પીકરને આ બાબતને તાકીદ સાથે સંબોધવા અને પરિસ્થિતિને ઉકેલવા માટે જરૂરી પગલાં ભરવા જણાવ્યું હતું.

# આગામી વસ્તી ગણતરીના ફોર્મમાં માત્ર છ ધર્મના જ વિકલ્પો આપવામાં આવ્યા છે




નવી દિલ્હી તા.૩૧

આગામી વસ્તી ગણતરીમાં અનેક નવા પ્રશ્નો હશે. જેમાં શિક્ષણ, લગ્ન જેવા હાલના વિકલ્પો સિવાય વ્યક્તિ અથવા કુટુંબના સ્થળાંતર માટે જવાબદાર પરિબળો વિશે પણ પુછવામાં આવશે અને શું તમે પેકેજડ કે બોટલ્ડ પાણીનું સેવન કરો છો ? એવા પ્રશ્નો પણ હશે અને કામ અથવા વ્યવસાય અંગે પણ પુછવામાં આવશે. ધર્મ અંગેના પ્રશ્નો માટે અનેક સમુદાયોની માંગણી છતાં, આગામી વસ્તી ગણતરીમાં માત્ર હિન્દુ, મુસ્લિમ, ખ્રિસ્તી, બૌદ્ધ, શીખ અને જૈન ધર્મના વિકલ્પો તરીકે ગણવામાં આવશે. ઝારખંડ, છત્તીસગઢ અને ઓડિશામાં પ્રકૃતિની ઉપાસના કરતા આદિવાસીઓ તેમના સરના ધર્મને અલગ ધર્મ તરીકે સામેલ કરવા માટે ઝુંબેશ ચલાવી રહ્યા છે, જયારે કર્ણાટકના લિંગાયતો પણ આવી જ માંગ કરી રહ્યા છે. જો કે ઉત્તરદાતાઓ વસ્તી ગણતરીના ફોર્મમાં અન્ય કોઈપણ ધર્મનું નામ પણ લખી શકે છે, પરંતુ તેઓને કોઈ અલગ કોડ આપવામાં આવશે નહીં. વસ્તી ગણતરીના અધિકારીઓએ ૨૦૧૧ની વસ્તી ગણતરી દરમ્યાન એકત્રિત કરવામાં આવેલા ડેટાના આધારે ધર્મ માટે વિગતવાર કોડ તૈયાર કર્યા હતા. જો કે, તેઓનો વિચાર પડતો મૂકવામાં આવ્યો હતો અને ડેટા યુઝર્સ કોન્ફરન્સમાં વિચાર-વિમર્શ બાદ અંતિમ શેડ્યૂલમાં માત્ર છ ધર્મ કોડ જ રાખવામાં આવ્યા હતા. ૨૨ મેના રોજ દિલ્હીમાં નવી વસ્તીગણતરી બિલ્ડિંગના ઉદ્દ્ઘાટન સમયે ગૃહ પ્રધાન અમિત શાહ દ્વારા બહાર પાડવામાં આવેલ "ધટ્રીટાઈઝ ઓન ઈન્ડિયન સેન્સસ સિન્સ ૧૯૮૧" શીર્ષક હેઠળના અહેવાલમાં આ વિગતો સમજાવવામાં આવી છે.

**ડિજિટલ વસ્તી ગણતરી**

સેન્સસ ૨૦૨૧ બે તબક્કામાં હાથ ધરવામાં આવનાર હતી, તે અનિશ્ચિત સમય માટે મુલતવી રાખવામાં આવી છે, કેન્દ્ર સરકારે શરૂઆતમાં આ વિલંબ માટે COVID-19 રોગચાળાને જવાબદાર ગણાવ્યો છે. આગામી વસ્તીગણતરી પ્રથમવાર ડિજિટલ સેન્સસ તરીકે કરવામાં આવશે જેમાં ઉત્તરદાતાઓ પાસે તેમના પોતાના ઘરની સુવિધામાંથી પ્રશ્નાવલી ભરવાનો વિકલ્પ પણ હશે. પ્રથમ તબક્કા માટેના ૩૧ પ્રશ્નો - હાઉસલિસ્ટિંગ અને હાઉસિંગ શેડ્યૂલ - ૯ જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ સૂચિત કરવામાં આવ્યા હતા. બીજા તબક્કામાં વસ્તી ગણતરી માટે ૨૮ જેટલા પ્રશ્નોને આખરી ઓપ આપવામાં આવ્યો છે, પરંતુ હજુ સુધી તે સૂચિત કરવામાં આવ્યા નથી. ૨૬ લાખથી વધુની વસ્તીને આવરી લેતા ૩૬ રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ૭૬ જિલ્લાઓમાં ૨૦૧૯માં પ્રીટેસ્ટ કવાયત દરમ્યાન બંને તબક્કાઓ માટેના પ્રશ્નોનો અંતિમ સમૂહ નક્કી કરવામાં આવ્યો હતો.

**કોમ્પ્યુટર પ્રશ્નો**

૨૦૧૧માં પૂછવામાં આવેલા પ્રશ્નો અને આગામી વસ્તી ગણતરીના પ્રશ્નોની સરખામણી દર્શાવે છે કે કાર્યસ્થળ ઉપર મુસાફરીના મોડ ઉપરના વિભાગ માટે, ઉત્તરદાતાઓએ કલાકોમાં તેમના મુસાફરીના સમય અંગેના નવા પ્રશ્નોના જવાબ આપવા પડશે. વિકલાંગતાના પ્રકારો અને કારણો ઉપરના પ્રશ્નને "એસિડ એટેક, બૌદ્ધિક અપંગતા, ક્રોનિક ન્યુરોલોજીકલ રોગ અને રક્ત વિકાર"નો સમાવેશ કરીને વિસ્તૃત કરવામાં આવ્યો છે.

આગામી વસ્તીગણતરી એ પણ વિગતો રેકોર્ડ કરશે કે વ્યક્તિ ભાડાના મકાનમાં રહે છે તે અન્ય કોઈ જગ્યાએ મકાન ધરાવે છે અથવા તેની પાસે કોઈ રહેણાંક મિલકત નથી. પીવાના પાણીની ઉપલબ્ધતાના પ્રશ્ન ઉપર, પરિસરની નજીકનો અર્થ શહેરી વિસ્તારોમાં ૧૦૦ મીટરની અંદર અને "ગ્રામીણ વિસ્તારોમાં ૫૦૦ મીટરની અંદર થાય છે. તેમાં સંબંધના સંદર્ભમાં કોડ્સ છે. ઘરના વડા, માતૃભાષા અને જાણીતી અન્ય ભાષાઓ, વ્યવસાય, ઉદ્યોગ, વેપાર અથવા સેવાની પ્રકૃતિ, જન્મ સ્થળ/છેલ્લા રહેઠાણનું સ્થળ અને અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ (SC/ST) વગેરે. આ વર્ણનાત્મક પ્રતિભાવોના ડેટા પ્રોસેસિંગને ટેબ્યુલેશન પ્લાન મુજબ જરૂરી ડેટા ફોર્મેટમાં કોડીફાઈ કરવા માટે માનવ હસ્તક્ષેપની જરૂર છે. વર્ણનાત્મક પ્રતિભાવ માટે ડેટા પ્રોસેસિંગમાં કેટલાક પ્રશ્નો નક્કી કરવા માટે વર્ષો લાગ્યા છે જેના કારણે ડેટાના પ્રસારણમાં વધુ વિલંબ થયો છે.

# તમિલનાડુમાં આવિન વિરૂદ્ધ અમૂલ દૂધનો વિવાદ શું છે ?

ચેન્નાઈ, તા.૩૧

ગયા મહિને કર્ણાટકમાં નંદિની મિલ્કની સામે ગુજરાત સ્થિત સહકારી ડેરી અમૂલનો વિવાદ થયો હતો અને હવે અમુલ તમિલનાડુમાં પણ વિવાદનો સામનો કરી રહી છે. રાજ્યમાંથી દૂધ મેળવવાની અમૂલની યોજનાનો રાજ્ય સરકાર દ્વારા ભારે વિરોધ થયો છે. મુખ્ય પ્રધાન એમ કે સ્ટાલિન દૂધની આ બ્રાન્ડ વિરોધમાં આવ્યા છે. મુખ્યમંત્રીએ અમૂલને રાજ્ય સહકારી, અવિનના દૂધના શેડમાંથી દૂધની પ્રાપ્તિ બંધ કરવા કહ્યું છે. તેમણે કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહને પણ પત્ર લખીને અમૂલને આ અન્યાયી વેપાર પ્રથાઓથી દૂર રહેવા માટે નિર્દેશ આપવા જણાવ્યું છે.

**તમિલનાડુમાં અમૂલની યોજનાઓ શું છે**

અમૂલ હાલમાં તમિલનાડુમાં રિટેલ આઉટલેટ્સ દ્વારા તેની ડેરી ઉત્પાદનોનું વેચાણ કરે છે. કંપની હવે ચેન્નાઈથી લગભગ ૨૫૦ કિલોમીટર દૂર કૃષ્ણાગિરી જિલ્લામાં ચિલિંગ સેન્ટર અને પ્રોસેસિંગ યુનિટ સાથે તેનું ઉત્પાદન કેન્દ્ર સ્થાપિત કરવાની યોજના બનાવી રહી છે. અમૂલ તમિલનાડુના કૃષ્ણાગિરી, ધર્મપુરી, વેલ્લોર, રાનીપેટ, તિરુપત્તુર, કાંચીપુરમ અને તિરૂવલ્લુર જિલ્લામાંથી પણ દૂધ ખરીદવાની યોજના ધરાવે છે. અહેવાલો અનુસાર, અમૂલ ખેડૂતોને એવિનની સરખામણીમાં ઊંચી પ્રાપ્તિ કિંમત અને અન્ય પ્રોત્સાહનો ઓફર કરવાની યોજના ધરાવે છે.

રાજ્ય સરકારે અમૂલની યોજનાનો વિરોધ કર્યો છે અને મુખ્યમંત્રી સ્ટાલિને આ પગલાનો વિરોધ કર્યો છે અને તેને "અયોગ્ય પ્રથા" ગણાવી છે. તેમણે કહ્યું કે, તમિલનાડુમાં કામ કરવાનો અમૂલનો નિર્ણય દુર્ભાગ્યપૂર્ણ છે, તે એવિનના હિત માટે હાનિકારક છે અને બંને સહકારી સંસ્થાઓ વચ્ચે સ્પર્ધા ઊભી કરશે. પ્રાદેશિક સહકારી સંસ્થાઓ રાજ્યોમાં ડેરી વિકાસનો પાયો છે. અમિત શાહને લખેલા તેમના પત્રમાં તેમણે જણાવ્યું હતું કે, અમૂલનું આ કૃત્ય એવિન્સ (TN કો-ઓપરેટિવ મિલ્ક પ્રોડ્યુસર્સ ફેડરેશન) મિલ્ક શેડ વિસ્તારનું ઉલ્લંઘન કરે છે જે દાયકાઓથી સાચી સહકારી ભાવનાથી કામ કરે છે.

**અવિન શું છે**

અવિન એ રાજ્યની માલિકીની ડેરી ઉત્પાદક છે જે તામિલનાડુ કોઓપરેટિવ મિલ્ક પ્રોડ્યુસર્સ ફેડરેશન લિમિટેડ દ્વારા સંચાલિત છે, જેવી રીતે ગુજરાતમાં અમૂલ પણ સહકાર મંત્રાલય હેઠળ છે. ૧૯૮૧માં સ્થપાયેલ, અવિન મુખ્યત્વે ગ્રામીણ તમિલનાડુમાંથી દૂધ મેળવે છે, તેની પ્રક્રિયા કરે છે અને દૂધ, માખણ, દહીં, આઈસ્ક્રીમ, ઘી, મિલ્કશેક, ખોઆ, ચા, કોફી અને ચોકલેટ સહિત દૂધ અને દૂધના ઉત્પાદનોનું વેચાણ કરે છે. ત્રિ-સ્તરીય ડેરી સહકારી વ્યવસ્થા હેઠળ, ગ્રામીણ વિસ્તારોમાં ૯,૬૭૩ જેટલી દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ કાર્યરત છે.




અંદાજે, તેઓ લગભગ ૪.૫ લાખ સભ્યો પાસેથી ૩૫ LLPD (લાખ લિટર પ્રતિ દિવસ) દૂધ મેળવે છે. આ રાજ્યમાં કુલ દૈનિક દૂધ ઉત્પાદન (૨.૪ કરોડ લિટર)ના માત્ર ૧૪ ટકા છે. રાજ્ય ભાજપ નેતૃત્વ સ્ટાલિનના પગલાનો વિરોધ કરે છે તમિલનાડુમાં ભાજપ નેતૃત્વ રાજ્યમાંથી દૂધ મેળવવાની અમૂલની યોજનાને રોકવાના સ્ટાલિનના પ્રયાસ સામે વિરોધ કરી રહ્યું છે. ભાજપના તમિલનાડુ એકમના પ્રમુખ કે અન્નામલાઈએ અમિત શાહને લખેલા મુખ્યમંત્રીના પત્રને "ડાયવર્ઝન ડ્રામા" ગણાવ્યો હતો. તેમણે દલીલ કરી હતી કે અવિનની દૈનિક દૂધની પ્રાપ્તિ ઘટીને ૨૧ લાખ લિટર થઈ ગઈ છે અને દ્રવિડ મુનેત્ર કઝગમ (DMK)ની આગેવાની હેઠળની રાજ્ય સરકારે તેને સુધારવા માટે કોઈ પ્રયાસો કર્યા નથી.

કર્ણાટકમાં અમૂલ વિરૂધ્ધ નંદિની વિવાદ કર્ણાટકમાં તાજેતરની રાજ્ય વિધાનસભાની ચૂંટણી પહેલા શરૂ થયો હતો અને રાજ્યના છૂટક બજારમાં પ્રવેશવાની અમૂલની યોજનાએ ભારે વિવાદ સર્જ્યો હતો. અમૂલના પ્રવેશ સામે વિરોધ પક્ષો અને કન્નડ તરફી જૂથોએ રેલી કાઢી હતી. ટીકાકારોએ દલીલ કરી હતી કે તાજા દૂધના બજારમાં અમૂલની એન્ટ્રી કર્ણાટકની સ્થાનિક બ્રાન્ડ નંદિની માટે મુશ્કેલી ઊભી કરી શકે છે.

### રેલવે લાઈન માટે જમીન સંપાદન પ્રક્રિયા વહેલી તકે પૂર્ણ કરાશે

# ધોલેરામાં એફોર્ડેબલ રેન્ટલ હાઉસિંગ મોડલ પર ૬૦૦ યુનિટ બંધાશે

## કેન્દ્ર સરકારના સહયોગથી ધોલેરા ઈન્ડસ્ટ્રીયલ સિટી ડેવલપમેન્ટ લિમિટેડ નામની SPV રચવામાં આવેલી છે તેની ભૂમિકા આ બેઠકમાં આપી હતી

ધોલેરા, તા.૩૧

એપેક્સ કમિટીની આદ્વિતીય બેઠક નવી દિલ્હીમાં કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમન, ઉદ્યોગ અને વાણિજ્ય મંત્રી પિયૂષ ગોયલ ઉપસ્થિતિમાં યોજવામાં આવી હતી. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉપરાંત હરિયાણા, મહારાષ્ટ્ર, કર્ણાટક, મધ્યપ્રદેશ અને ઉત્તરાખંડ રાજયોના મુખ્યમંત્રીઓ તથા ઉદ્યોગ મંત્રીઓ આ બેઠકમાં વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પરિકલ્પનાને વાસ્તવિક રૂપ આપવા માટે ધોલેરા SIRને કેન્દ્ર સરકાર દ્વારા મળી રહેલા સહયોગ અંગે આભારની લાગણી વ્યકત કરી હતી. મુખ્યમંત્રીએ ધોલેરા SIRના અક્ટિવેશન એરિયામાં આંતરમાળખાકીય સુવિધાઓ ઊભી કરવા રાજ્ય અને કેન્દ્ર સરકારના સહયોગથી ધોલેરા ઈન્ડસ્ટ્રીયલ સિટી ડેવલપમેન્ટ લિમિટેડ નામની SPV રચવામાં આવેલી છે તેની ભૂમિકા આ બેઠકમાં આપી હતી.

તેમણે ધોલેરા SIRની ગતિવિધિઓની પ્રગતિ અંગેની વિગતો આ બેઠકમાં આપતા જણાવ્યું કે, આ એક્ટિવેશન એરિયામાં ઈન્ફ્રાસ્ટ્રકચર ફેસિલિટિઝ નિર્માણ પૂર્ણતાને આરે છે અને SPV દ્વારા ઉદ્યોગ સાહસિકોને જમીન ફાળવણીની પ્રક્રિયા પણ શરૂ કરવામાં આવી છે. ધોલેરા SIRમાં સ્કૂલ, હોસ્પિટલ, હોટલ અને રેસિડેન્શિયલ ટાઉનશીપ વગેરે વિકસાવવા માટે વિવિધ પ્રપોઝલ મળી છે, તેની છણાવટ કરતા ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે એક્ટિવેશન એરિયામાં PMAYની એફોર્ડેબલ રેન્ટલ હાઉસિંગ મોડેલ પર ૬૦૦ યુનિટ બાંધવામાં આવશે. તેમણે ભારત માલા પ્રોજેક્ટ હેઠળ NHAI દ્વારા નિર્માણાધીન અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસ-વેમાં ૩૮ ટકાથી વધુની પ્રગતિ થઈ હોવાનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે સમય મર્યાદામાં આ પ્રોજેકટ પૂર્ણ કરવા ગુજરાત સરકાર NHAIને જરૂરી બધી જ મદદ પૂરી પાડશે.

આ ઉપરાંત ધોલેરા SIRના સર્વાંગી વિકાસ માટે વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર ડી.એફ.સી. સાથે તેને જોડવા માટે ભીમનાથ-ધોલેરા રેલવે લાઈન પ્રોજેકટનું આયોજન કરવામાં આવ્યું છે, તેમ તેમણે જણાવ્યું હતું. મુખ્યમંત્રીએ કહ્યું કે આ પ્રોજેક્ટ અન્વયે અમદાવાદ-બોટાદ બ્રોડગેજ રેલવે લાઈનને ભીમનાથ સ્ટેશનથી ધોલેરા SIR સુધીના કામોને કેન્દ્ર સરકાર અને રાજય સરકારની મંજૂરી મળેલી છે. આ હેતુસર ભીમનાથ-ધોલેરા રેલવેલાઈન માટે જરૂરી કુલ જમીન સંપાદનની કામગીરી અંતિમ તબક્કામાં છે અને વહેલી તકે પૂર્ણ કરાશે, તેમ પણ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ધોલેરા સરના વિકાસ માટે પી.એમ. ગતિશક્તિ નેશનલ માસ્ટર પ્લાનની ઉપયોગીતા સંદર્ભે જણાવ્યું કે, ધોલેરાનો ડેવલપમેન્ટ પ્લાન, લેન્ડ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિગતોને જીઓ રેફરન્સ્ડ કરીને પી.એમ. ગતિશક્તિ ગુજરાત પોર્ટલ ઉપર મેપ કરવામાં આવી છે. મુખ્યમંત્રીએ ધોલેરા એરપોર્ટ તેમજ અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસવેને સમય મર્યાદામાં પુરા કરવા એપેક્ષ ઓથોરિટી દ્વારા સમયાંતરે માર્ગદર્શન મળે તે માટે કેન્દ્રીય નાણામંત્રીને અનુરોધ કર્યો હતો. ઉપરાંત અમદાવાદ-ધોલેરા સેમી હાઈસ્પીડ ટ્રેન પ્રોજેકટની આવશ્યક મંજુરી આપવા માટે પણ અનુરોધ કર્યો હતો.

મુખ્યમંત્રીએ માંડલ બેચરાજી સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજીયનને દિલ્હી-મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર પ્રોજેક્ટમાં સામેલ કરવા હેતુ જરૂરી કાર્યવાહી કરવા માટેનો અનુરોધ પણ અપેક્ષ ઓથોરિટીને કર્યો હતો. ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, કેન્દ્ર સરકારના સંપૂર્ણ સહકારથી જ દિલ્હી-મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર અને તે અંતર્ગત ધોલેરા SIRનું આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપ થઈ શક્યું છે. આ બેઠકમાં મુખ્યમંત્રીના મુખ્ય અગ્રસચિવ કે. કૈલાસનાથન, ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ હૈદર, ધોલેરા SIRના સી.ઈ.ઓ. અને પ્રવાસન સચિવ હારિત શુક્લા અને વરિષ્ઠ સચિવો ઉપસ્થિત રહ્યા હતા.

### અમદાવાદમાં બાગેશ્વર ધામના ધીરેન્દ્ર શાસ્ત્રીનો દરબાર

# વટવામાં ધીરેન્દ્ર શાસ્ત્રીના દરબારમાં ભક્તોનું કીડિયારૂં ઉભરાયું

## વરસાદના કારણે સમગ્ર કાર્યક્રમ રદ કરવાની ફરજ પડી છે જે બાદ વટવા ખાતે આવેલા શ્રી રામ મેદાનમાં આયોજન કરાયું હતું

અમદાવાદ, તા.૩૧

અમદાવાદમાં બાબા બાગેશ્વર તરીકે ઓળખાતા ધીરેન્દ્ર શાસ્ત્રીના દિવ્ય દરબાર ભરાયો છે. અમદાવાદના વટવા ખાતે આવેલા શ્રી રામ મેદાનમાં બાબાના દિવ્ય દરબારનું શરૂ થઈ ગયું છે. શ્રી રામ મેદાનમાં ૭:૦૦ વાગ્યા સુધી ધીરેન્દ્ર શાસ્ત્રીનો દિવ્ય દરબારનું આયોજન કરાયું છે. જ્યાં મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા છે, અત્રે તમને જણાવી દઈએ કે, અમદાવાદના ઓગણજ ખાતે ધીરેન્દ્ર શાસ્ત્રીનો ૨૯ મેના રોજ દરબાર યોજવાનો હતો, જે વરસાદના કારણે સમગ્રકાર્યક્રમ રદ કરવાની ફરજ પડી છે. જે બાદ વટવા ખાતે આવેલા શ્રી રામ મેદાનમાં આયોજન કરાયું છે.

અમદાવાદમાં બાગેશ્વર ધામના ધીરેન્દ્ર શાસ્ત્રીનો દરબાર યોજાયો છે. વટવાના શ્રીરામ મેદાનમાં ધીરેન્દ્ર શાસ્ત્રીનો દરબાર શરૂ થઈ ગયો છે જયાં મોટી સંખ્યામાં ભક્તો ઉમટ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, શિવકૃપા મિત્ર મંડળે દિવ્ય દરબારનું આયોજન કર્યુ છે. કાર્યક્રમ દરમિયાન સુરક્ષા માટે પોલીસ કર્મીઓ ખડેપગે છે અને ૨ કલાકનો દરબાર લગાવશે. અત્રે જણાવી કે, ગઈકાલે વરસાદના કારણે ઓગણજમાં કાર્યક્રમ રદ થયો હતો

બાગેશ્વર ધામના ધીરેન્દ્ર શાસ્ત્રી છેલ્લા ૪-૫ દિવસથી ગુજરાતની મુલાકાતે આવ્યા છે. આ દરમિયાન તેઓ અમદાવાદ, સુરત સહિતના જુદા જુદા સ્થળોએ દરબાર યોજી રહ્યા છે. ત્યારે ગઈકાલે વરસાદ વેરી બનતા અમદાવાદમાં ધીરેન્દ્ર શાસ્ત્રીનો પ્રોગ્રામ કેન્સલ કરવાની નોબત આવી હતી. અમદાવાદના ઓગણજ ખાતે ૨૯ અને ૩૦ મેના રોજ બાબા બાગેશ્વરનો દિવ્ય દરબાર યોજાવાનો હતો પરંતુ કાર્યક્રમ સ્થળ પર પાણી ભરાઈ જતા ૨૯ મેનો કાર્યક્રમ રદ કરાયો હતો.

અમદાવાદમાં બાબા બાગેશ્વર ધીરેન્દ્ર શાસ્ત્રીના દિવ્ય દરબારના સ્થળને લઈને આયોજકો અસમંજસમાં હતા. બાદમાં આયોજકોએ ધીરેન્દ્ર શાસ્ત્રીનો દિવ્ય દરબાર ઓગણજ પાસે યોજાવાનો આયોજન કર્યું હતું. પ્રમુખ સ્વામી મહોત્સવ જે સ્થળે યોજાયો હતો તે જ સ્થળે ધીરેન્દ્ર શાસ્ત્રીને દિવ્ય દરબાર માટે જગ્યા ફાળવવામાં આવી હતી. જે બાદ ભારે વરસાદ વિલન બનતા કાર્યક્રમ સ્થળ પર પાણી ભરાઈ જતાં ઓગણજ ખાતે કાર્યક્રમ રદ કરાયો હતો. જે બાદ હવે કાર્યક્રમનું સ્થળ બદલીને વટવા રાખવામાં આવ્યું છે. રાજકોટ ખાતે પણ ધીરેન્દ્ર શાસ્ત્રીનો દિવ્ય દરબાર ભરાશે. રાજકોટમાં ૧ અને ૨ જૂનના રોજ રેસકોર્સ મેદાન ખાતે દિવ્ય દરબારનું આયોજન કરવામાં આવ્યું છે. બાગેશ્વર ધામ સેવા સમિતિ, રાજકોટ તરફથી આ દિવ્ય દરબારનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

### હિંમતનગરથી ફેક્ટરી સુધીના ૨૫ કિ.મી પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો

# બાગેશ્વર ધામના ધીરેન્દ્ર શાસ્ત્રીનો ઉત્તર ગુજરાતનો પ્રવાસ ગોઠવાયો

### હિંમતનગરના મુનપુર પાસે ઈસ્કોન બાલાજી ફેક્ટરીમાં બાબા બાગેશ્વર આવવાના છે, જેને લઈને તૈયારીઓ પુરજોશમાં ચાલી રહી છે

સાબરકાંઠા, તા.૩૧

હિંમતનગરથી દેશોતર જવાના માર્ગ પર મુનપુર ગામ નજીક ઈસ્કોન બાલાજી ફેક્ટરી આવેલી જે ફેક્ટરીનો પ્રારંભ કરવા બાબા બાગેશ્વર આવશે. જેને લઈને તૈયારીઓ પુરજોશમાં ચાલી રહી છે. હિંમતનગરથી ફેક્ટરી સુધીના ૨૫ કિ.મી પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. બીજી તરફ બાબા બઘેશ્વરજીના સ્વાગત માટે ફેક્ટરીમાં તૈયારીઓ કરવામાં આવી રહી છે. બીજી તરફ નિયત સમય મુજબ ૪ વાગે કરતા મોડા આવી શકે છે તો માત્ર ફેક્ટરીના પ્લાન્ટને પૂજન અર્ચન કરી શરૂ કરાવ્યા બાદ ૧૫ મિનિટ રોકાણ કરશે ત્યાર બાદ અમદાવાદ જશે.

ઉલ્લેખનીય છે કે, બાગેશ્વર ધામના ધીરેન્દ્ર શાસ્ત્રી હાલ ગુજરાતના પ્રવાસે છે. બાબા બાગેશ્વરે પહેલા દક્ષિણ ગુજરાતમાં સુરતમાં દિવ્ય દરબાર યોજાયો હતો. જે બાદમાં મધ્યગુજરાતમાં અમદાવાદ અને બાદમાં સૌરાષ્ટ્રમાં રાજકોટ ખાતે દિવ્ય દરબાર અને હવે ઉત્તર ગુજરાતના સાબરકાંઠામાં પણ તેઓ પ્રવાસે જવાના હોવાનું સામે આવ્યું છે. પ્રાથમિક માહિતી મુજબ ધીરેન્દ્ર શાસ્ત્રી હિંમતનગરની ખાનગી ફેક્ટરીનું ઉદ્ઘાટન કરવાના છે.

રાજકોટ ખાતે પણ ધીરેન્દ્ર શાસ્ત્રીનો દિવ્ય દરબાર ભરાશે. રાજકોટમાં આગામી ૧ અને ૨ જૂનના રોજ રેસકોર્સ મેદાન ખાતે દિવ્ય દરબારનું આયોજન કરવામાં આવ્યું છે. બાગેશ્વર ધામ સેવા સમિતિ, રાજકોટ તરફથી આ દિવ્ય દરબારનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

# પરીક્ષામાં ગેરરીતિ આચરનાર વિદ્યાર્થીઓને કરાયા આજીવન સસ્પેન્ડ

જામનગર, તા.૩૧

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની પરીક્ષામાં ચોરી કરવી ત્રણ વિદ્યાર્થીઓને ભારે પડી છે. યુનિવર્સિટી દ્વારા નિમાયેલી કમિટીના રિપોર્ટ બાદ કાર્યવાહી કરતા, ત્રણેય વિદ્યાર્થીઓને આજીવન સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. આ ત્રણેય વિદ્યાર્થીઓ હવે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં આજીવન પરીક્ષા નહીં આપી શકે. સમગ્ર ઘટના એવી હતી કે જામનગરના સ્વામિનારાયણ ગુરૂકુળમાં પરીક્ષા દરમિયાન ચોરી કરતા ત્રણ વિદ્યાર્થીઓ રંગેહાથ ઝડપાયા હતા. જોકે આ પરીક્ષામાં વિદ્યાર્થીઓની ચોરીની ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી. જે બાદ આ સમગ્ર મામલો પ્રકાશમાં આવતા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા કમિટીની રચના કરવામાં આવી હતી. તપાસમાં સ્વામિનારાયણ ગુરૂકુળ કોલેજની બેદરકારી સામે આવી હતી અને કોલેજનું કોમર્સ કોલેજની માન્યતા રદ કરી દેવાઈ હતી. આમ હવે સમગ્ર કેસમાં સત્તાધીશોએ દોષિતો સામે કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે કોપી કેસ મામલે પણ અન્ય ૫૬થી વધુ વિદ્યાર્થીઓને સજા ફટકારવામાં આવી છે. ગઈકાલની ઈડીએસીની બેઠકમાં ૫૯માંથી ૫૫ વિદ્યાર્થીઓને ૧ ૧ સેમેસ્ટરની સજા, ૩ વિદ્યાર્થીઓને ૧ ૪ અને અને ૧ વિદ્યાર્થિનીને ૧ ૬ સેમેસ્ટરની સજા ફટકારવામાં આવી હતી. વાસ્તવમાં BAના સેમેસ્ટર ૨ની પરીક્ષા ચાલી રહી હતી, જે અંતર્ગત પેપર પૂર્ણ થયા બાદ ઉત્તરવહીની ગણતરી કરતી વખતે એક ઉત્તરવહી ઘટી હતી. જેને લઈ તપાસમાં સામે આવ્યું હતું કે એક વિદ્યાર્થિની ઉત્તરવહીને પોતાના ઘરે લઈ છે. તાત્કાલિક ઉત્તરવહી પરત આપવા જણાવ્યું હતું અને તે વિદ્યાર્થીની ઉત્તરવહી પરત આપી ગઈ હતી. અને તેની આખી પરીક્ષા રદ કરવામાં આવી હતી. આ વિદ્યાર્થિનીને ૧ ૬ સેમેસ્ટરની સજા ફટકારવામાં આવી હતી. જ્યારે પરીક્ષામાં ઉતરવહીમાં જવાબ અન્ય પાસે લખાવનાર વિદ્યાર્થીને ૧ ૪ સેમેસ્ટરની સજા ફટકારવામાં આવી હતી, પરીક્ષાખંડમાં મોબાઈલ સાથે રાખનાર વિદ્યાર્થીને પણ ૧ ૪ સેમેસ્ટરની સજા ફટકારવામાં આવી હતી.

# મનની સમજ

મન શું છે ? એવી કોઈ વ્યક્તિ નથી કે જેને પ્રથમ વ્યાખ્યાયિત કરવાનો શ્રેય આપી શકાય. કેટલાક અગ્રણી અને સૌથી નોંધપાત્ર સિદ્ધાંતવાદીઓ મુજબ પ્લેટોએ માન્યું હતું કે મન એ નૈતિકતા અને બુદ્ધિ કારણનો સ્ત્રોત હોવાથી તે શરીરથી સ્વતંત્ર રીતે અસ્તિત્વ ધરાવે છે. એરિસ્ટોટલ મુજબ, આપણા વિચારો, લાગણીઓ અને કાર્યો જ આપણા મન દ્વારા નિયંત્રિત થાય છે. ડેસકાર્ટેસ માન્યું હતું કે, મન અને શરીર બે અલગ-અલગ અસ્તિત્વો છે. મન એ જટિલ ઘટનાથી લાંબા સમયથી સંશોધન અને ધ્યાનનું કેન્દ્ર છે. ભગવાન શ્રીકૃષ્ણની ભાગવત ગીતામાં સામાન્ય રીતે ચેતના, સમજશક્તિ અને લાગણીનું કેન્દ્ર છે. આપણી આસપાસની દુનિયાને સમજવાની, પસંદગી કરવાની અને સામાજિક ક્રિયા-પ્રતિક્રિયાઓમાં જોડાવાની આપણી ક્ષમતા એ બધા મનના કાર્યો છે. મનની અસંખ્ય પોતાની લાક્ષણિકતાઓથી હોય છે. કેટલાક દિમાગ વધુ સર્જનાત્મક અને સાહજિક હોય, અન્યનું વધુ વિશ્લેષણાત્મક અને પદ્ધતિસરના હોય, કેટલાક દિમાગ વધુ વ્યસ્ત હોય અને જયારે અન્ય લોકો ભૂતકાળ અથવા ભવિષ્યમાં વધુ વ્યસ્ત હોય છે. કેટલાક લોકો વ્યક્તિત્વ અંતર્મુખી અને આત્મનિરીક્ષણ કરે છે. મન એક મજબૂત સાધન છે જેનો ઉપયોગ સારા કે ખરાબ માટે થઈ શકે છે. મનને બનાવવા, શીખવા અને પ્રેમાળ માટે ઉપયોગ કરી શકાય તથા લોકોને નુકસાન પહોંચાડવા, ધિક્કારવા અને નાશ કરવા માટે પણ ઉપયોગમાં લઈ શકાય છે. વિશ્લેષણાત્મક મન સમસ્યાનું નિરાકરણ અને નિર્ણય લેવામાં શ્રેષ્ઠ છે. ભૌતિકશાસ્ત્ર, એન્જિનિયરિંગ અને ગણિત જેવા વિષયોમાં, તેનો વારંવાર ઉપયોગ થાય છે.

છેલ્લા ૫૦૦૦ વર્ષોમાં ભારતીય સંસ્કૃતિએ વૈદિક પ્રણાલી મનને નિયંત્રિત કરવા માટે વિવિધ પદ્ધતિઓ પ્રદાન કરે છે ઋગ્વેદમાં ઈન્દ્રિયોનો અધિપતિ અને સર્વ જ્ઞાનનો સ્ત્રોત છે, યજુર્વેદમાં શરીરનો સારથિ અને ઈન્દ્રિયોનો સ્વામી છે, સામવેદમાં આત્માનો અરીસો અને સ્મૃતિઓનો ભંડાર છે અને અથર્વવેદમાંએ ઈન્દ્રિયો અને મુક્તિની ચાવી. મન ઉપરના કેટલાક પરિપ્રેક્ષ્યો મુજબ સારા કે ખરાબ માટે ઉપયોગ કરી શકાય છે. મન એ વિચારો અને લાગણીઓનો પ્રવાહ છે. મનની કેદમાં આપણે ભૂતકાળ અને ભવિષ્યમાં છુપાયેલું છે. મન એક અરીસાનું કામ કરે છે જે પ્રતિબિંબિતમાં આપણે ખરેખર કોણ છીએ ? ભારતીય સંસ્કૃતિએ આપેલા મન પરના ઘણા અલગ-અલગ પરિપ્રેક્ષ્યોમાંથી પોતાના વિચારોને વધુ સારી રીતે સમજી શકીએ છીએ. મનનો સારા કે ખરાબ માટે કેવી રીતે ઉપયોગ થઈ શકે છે તેના કેટલાક ઉદાહરણોમાં બુદ્ધિનો ઉપયોગ કરીને કલા, સંગીત અને સાહિત્યનું નિર્માણ શક્ય છે. મન સમસ્યાનું નિરાકરણ અને નિર્ણય લેવામાં સક્ષમ છે. સમાજ અને વિશ્વના લાભ માટે મનની શક્તિનો ઉપયોગ કરી શકાય છે. મનમાં દુશ્મનાવટ, દ્વેષ અને દુ:ખને ઉશ્કેરવાની શક્તિ છે. આપણા વિચારો અને લાગણીઓ હંમેશા નદીની જેમ વહેતી હોય છે. નદીઓની હિલચાલ પર કોઈ નિયંત્રણ ન હોવા છતાં, જ્યાં ધ્યાન કેન્દ્રિત કરીને સકારાત્મક વિચારો અને લાગણીઓ આપણે જીવનમાં સકારાત્મક પ્રવાહ પેદા કરવામાં મદદ કરે છે. મન પર વિવિધ સાંસ્કૃતિક દ્રષ્ટિકોણ અસ્તિત્વમાંથી અમુક સંસ્કૃતિઓમાં મનને શરીરથી એક અલગ અસ્તિત્વ તરીકે ગણવામાં આવે છે, જ્યારે અન્યમાં મનને શરીરના આવશ્યક ઘટક તરીકે ગણવામાં આવે છે. મન અમર છે કે શરીરની સાથે તે નાશ પામે છે કે કેમ તે અંગે સંસ્કૃતિઓ તેમના મંતવ્યોમાં ભિન્ન છે. અહીં ઘણી સંસ્કૃતિઓમાંથી મન ઉપરના થોડા અલગ દ્રષ્ટિકોણ છે. ચીનની સંસ્કૃતિમાં મનને અરીસા તરીકે જોવામાં આવે છે જે આપણા સાચા સ્વભાવને પ્રતિબિંબિત કરે છે. જ્યારે આપણે માનસિક અરીસામાં જોઈએ છીએ ત્યારે આપણે આપણા વિચારો, લાગણીઓ અને માન્યતાઓને જોઈ શકીએ છીએ. આ પ્રતિબિંબ આપણને એ સમજવામાં મદદ કરી શકે છે કે આપણે કેવા છીએ અને આપણા જીવનને વધુ સુખી અને સંતોષકારક બનાવવા માટે મદદ કરે છે.

નિસર્ગોપચારમાં, મન શબ્દ વ્યક્તિની સંપૂર્ણ માનસિક, ભાવનાત્મક અને આધ્યાત્મિક રચનાને દર્શાવે છે. નિસર્ગોપચારના પ્રેક્ટિશનરો માને છે કે તેઓ મનને સંબોધીને સામાન્ય સ્વાસ્થ્ય અને સુખાકારીમાં સુધારો કરવા માટે યોગદાન આપી શકે છે. લાક્ષણિક વ્યૂહરચનાઓમાં ન્યુટ્રિશનનો સમાવેશ થાય છે. નેચરોપેથિક વિચારે છે કે આપણે જે ખાઈએ છીએ તેનો આપણને માનસિક રીતે કેવો અનુભવ થાય છે તેના પર મોટો પ્રભાવ પડે છે. મૂડ વધારવા, તણાવ ઓછો કરવા અને જ્ઞાનાત્મક કાર્યક્ષમતામાં સુધારો કરવા માટે, તેઓ આહારમાં ગોઠવણો સૂચવી શકે છે. વ્યાયામાં નિયમિતએ માનસિક સ્વસ્થતા વધારવા માટે એક નિર્ણાયક અભિગમ છે. તમામ શાખાના ડોકટરોનું જણાવ્યા અનુસાર નિયમિત કસરત એ માનસિક રીતે સારું અનુભવવામાં, તણાવ ઘટાડવામાં અને આત્મસન્માન વધારવામાં મદદ કરી શકે છે.

ચાર્લ્સ ડુહિગના પુસ્તક ધ પાવર ઓફ હેબિટમાં વિજ્ઞાન અંતર્ગત આદત સર્જન અને પરિવર્તનની તપાસ કરવામાં આવી છે. ડુહિગના મતે, આદતો માત્ર અણસમજુ દિનચર્યાઓ નથી પણ શક્તિશાળી ન્યુરલ સર્કિટ પણ છે જે સક્રિય રીતે ફરીથી જોડાઈ શકે છે. તે આદતો કેવી રીતે કાર્ય કરે છે તે સમજવા માટે તેમજ બિનઉપયોગી આદતો બદલવા મનની નવી ટેવો વિકસાવવા માટે મદદરૂપ ટીપ્સ રજૂ કરે છે.

થિંકિંગ, ફાસ્ટ એન્ડ સ્લોના લેખક ડેનિયલ કાહ્નેમેન દ્વારા મન વિશે અત્યાર સુધીના સૌથી નોંધપાત્ર પુસ્તકોમાં સિસ્ટમ દ્વારા આપણી વિચારસરણીને બે સિસ્ટમોમાં વહેંચવામાં આવી એક ઝડપી, સાહજિક અને બીજી ભાવનાત્મક અને ઈરાદાપૂર્વકની, ધીમી અને તર્કસંગત છે. જે સૂચવે છે કે આપણી નિર્ણયશક્તિને વધારી શકીએ છીએ.

ઓલિવર, ન્યુરોલોજીસ્ટ કે જેઓ દ્રશ્ય સમસ્યાઓના અભ્યાસમાં વિશેષતા ધરાવતા હતા, તેમના લેખો ધ માઈન્ડ્સઆઈ, પુસ્તકમાં એકત્રિત કર્યા. લેખક તેના દર્દીઓના અનુભવો શેર કરે છે, જેઓ ચહેરાના અંધત્વ, રંગ અંધત્વ અને સંપૂર્ણ રીતે અંધત્વ સહિત વિવિધ પ્રકારની દ્રશ્ય અસાધારણતાથી પીડાય છે. આ વાર્તાઓની મદદથી, તે દ્રષ્ટિની પ્રકૃતિ અને માનવ મનની ક્ષમતાની તપાસ કરે છે. મન પરના ટોચની થીસીસ ઉપર મન અને સ્વની પ્રકૃતિ ઉપરના ૧૯૮૧માં પ્રકાશિત ડગ્લાસ હોફસ્ટેડટર અને ડેનિયલ ડેનેટ્સ ધ માઈન્ડ્સમાં ચેતના, કૃત્રિમ બુદ્ધિ અને મન અને શરીર વચ્ચેનું જોડાણ માત્ર આ થીસીસમાં આવરી લેવામાં આવેલ છે. ડેનિયલ ડેનેટ્સ ૧૯૯૧ થીસીસમાં દલીલ કરે છે કે ચેતના એ એક ભ્રમણા છે અને તે વાસ્તવમાં એક જ પદાર્થને બદલે વિવિધ પ્રક્રિયાઓનો સમૂહ છે. રિચાર્ડ ડી. થાગાર્ડ્સનું ૨૦૦૫ પુસ્તક ધ સેલ્ફ ઈલ્યુઝનમાં જણાવ્યું અનુસાર મન એ સ્વયં વાસ્તવમાં એક જ અસ્તિત્વને બદલે અનેક પ્રક્રિયાઓ અને રજૂઆતોનો સંગ્રહ છે. ડેવિડ ચેલમર્સનું ૧૯૯૬ પુસ્તક ધ કોન્શિયસ માઈન્ડ અનુસાર, ચેતના એ બ્રહ્માંડની મૂળભૂત લાક્ષણિકતા છે તે ભૌતિક પદ્ધતિઓ દ્વારા તેનું સંપૂર્ણ વર્ણન કરી શકાતું નથી.

વિશ્વની સૌથી જટિલ અને ભેદી વસ્તુઓમાંની એક બ્રહ્માંડ અને મન છે. બ્રહ્માંડ અને મન વચ્ચેના જોડાણ વિશે વિચારવાની એક રીત તરીકે મન એ બ્રહ્માંડની રચના છે. બ્રહ્માંડ અને મન વચ્ચેના જોડાણનું મૂલ્યાંકન કરવા માટેના અન્ય અભિગમ તરીકે મન બ્રહ્માંડમાં પહેલેથી જ અસ્તિત્વમાં છે. અલબત્ત, બ્રહ્માંડ અને મન વચ્ચેના જોડાણ ઉપર આ ફક્ત બે પરિપ્રેક્ષ્યો છે. મનને સમજવા માટે સ્વ-જાગૃતિ જ્યારે આપણે આપણા પોતાના મનના આંતરિક કાર્યોને સમજીએ છીએ, ત્યારે આપણે આપણા વિચારો, લાગણીઓ અને ક્રિયાઓને વધુ સારી રીતે સમજવામાં સક્ષમ હોઈએ છીએ.

**લેખક : ડો. ચિરાગ જાની**



પ્રજાનું લોહી પીએ છે તો તેને બ્લડપ્રેશર તો રહેશે જ ને ?




ક્રિકેટનો ખેલાડી તો ન બની શકયો તેથી ક્રિકેટના સટ્ટાનો શહેનશાહ બનવા માગું છું !

**તહેવારોની મૌસમ આજથી શરૂ**

# જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં ભીમ અગીયારસની ઉજવણી : ઘરે-ઘરે રસ પુરીનું જમણ





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૩૧

જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રભરમાં આજે ભીમ અગીયારસની ઉજવણી કરવામાં આવી રહી છે. જેમાં ઘરે ઘરે રસપુરીનું જમણનો આનંદ લોકો માણશે.

વૈશાખ માસનાં દિવસો એટલે ચોમાસાનાં આગમનનાં દિવસો ગણાય, ચૈત્ર, વૈશાખનાં ધોમધખતા તાપ, ઉકળાટ સહન કર્યાબાદ જેઠ-અષાઢમાં ચોમાસુ બેસી જતું હોય છે. ૧૫ જુનથી વરસાદની સીઝન શરૂ થઈ હતી હોય છે. અગાઉનાં એટલે કે ભૂતકાળનાં સોનેરી દિવસોની યાદ તાજી કરીએ તો 'ચોમાસા'માં ખાસ કરીને ભીમ અથીયારસ અનો અષાઢી બીજનાં પર્વ ઉપર વરસાદ અચુક આવે જ અને આ વરસાદ વાવણીલાયક હોય ભીમ અગીયારસનાં થોડા દિવસો પહેલાં વરસાદ થયો હોય અને આ વરસાદનાં પગલે ખેડૂતો ભીમ અગીયારસની રાહ જોતા હોય છે. ભીમ અગીયારસનાં દિવસે ખેડૂતો 'હળ જોડે' બળદોને શણગારે અને ખેતરમાં વાવણી કાર્યનો આરંભ અને 'મોસમ આવી મહેનતની'નાં ગુંજરાવ વચ્ચે વાવણી કાર્ય પુરજોશથી કરવામાં આવતું હતું. મોટાભાગનાં વિસ્તારોમાં આ દિવસે વાવણી કાર્ય થતું હોય છે અને અષાઢ માસમાં ભરપુર વરસાદ થવાનાં કારણે ખેતરોમાં હરીયાળી ક્રાંતિ સર્જાતી હોય છે. તહેવારોની મૌસમ શરૂ થતાં લોકોનાં હૈયામાં અનેરો ઉમંગ થતો હોય છે. ભૂતકાળમાં સોનેરી દિવસોની યાદ આજે પણ લોકોનાં હૈયામાં અકબંધ સચવાયેલી રહે છે. છેલ્લા કેટલાક વર્ષો થયા ચોમાસાનું ટાઈમ ટેબલ સમુળગુ બદલાઈ જતું હોવાનાં કારણે ભીમ અગીયારસ ઉપર ઘણી વખત વાવણી પણ થતી નથી. આવતીકાલે જેઠ સુદ અગીયારસનો દિવસ છે. જેને ભીમ અગીયારસ તરીકે ઓળખવામાં આવે છે. આ વર્ષે પણ ભીમ અગીયારસ ઉપર વરસાદનાં કોઈ ચિહનો જોવા મળતા નથી. આ વર્ષે ચૈત્ર માસ જયાં આકરો તાપ વરસતો હોય તેવા દિવસોમાં સતતને સતત કમોસમી વરસાદને પગલે કેસર કેરીનાં પાકને ભારે અસર પહોંચી હતી. અને કેસર કેરીનાં ભાવોમાં ઉછાળો આવ્યો હતો. આ ઉપરાંત અને ખેત પાકોને પણ ભારે અસર પહોંચી હતી. ભીમ અગીયારસનાં દિવસ સુધી ભારે પવન અને ઓચીંતાનો વરસાદ પડવા લાગે અને હવામાનમાં ફેરફારો થઈ રહયા છે. ગ્લોબલ વોર્નીંગની અસર હેઠળ જનજીવન પ્રભાવિત છે. દરમ્યાન આજે જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રનાં નાના મોટા શહેરો, ગ્રામ્ય વિસ્તારોમાં ભીમ અગીયારસની ઉજવણી થઈ રહી છે. આજે લોકો ઘરે રસ પુરીનાં જમણ માણશે અને ભારે ઉત્સાહ પ્રવર્તતી રહયો છે, આજે કેસર કેરીનું બજારોમાં ભારે વેંચાણ થઈ રહયું છે.

## ધો.૧૨ સામાન્ય પ્રવાહનું જૂનાગઢ જીલ્લાનું ૭૪.૪૮ ટકા પરિણામ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩૧

ઉચ્ચતર માધ્યમિક બોર્ડ દ્વારા માર્ચમાં લેવામાં આવેલી ધો.૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાનું પરિણામ આજે જાહેર થયું છે. શિક્ષણ વિભાગ દ્વારા મુકવામાં આવેલા પરિણામમાં રાજયનું પરિણામ ૭૩.૨૭ટકા આવેલું છે. જયારે જૂનાગઢ જીલ્લાનું પરિણામ ૭૪.૪૮ટકા આવ્યું છે. આ સાથે જ સફળતા પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને અભિનંદન આપવામાં આવી રહ્યા છે.

જૂનાગઢ જીલ્લાના કુલ ૯.૦૪૮ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી અને ધો.૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ૭૪.૪૮ ટકા આવ્યું છે. જૂનાગઢ જીલ્લામાં એ-૧ ગ્રેડ મેળવનારા ૪૭ વિદ્યાર્થી, એ-૨ ગ્રેડ મેળવનારા ૫૪૯, બી-૧ ૧૪૦૦, બી-૨ ૨૦૮૪, સી-૧ ૨૫૭૦, સી-૨ ૨૧૦૬, ડી ૨૯૮ વિદ્યાર્થીઓ રહેલા છે. તમામ વિદ્યાર્થીઓને અભિનંદન સાથે શુભકામના પાઠવવામાં આવી રહી છે.

## ભેંસાણ : માઠું લાગતા કુવામાં પડી ઝંપલાવતા મૃત્યું

જૂનાગઢ તા.૩૧

ભેંસાણના ખંભાળિયા ગામે આવેલી સુરેશભાઈ હરદાસભાઈની વાડીએ બનેલા બનાવમાં શંકુતલાબેન શૈલેષભાઈ પરમાર(ઉ.વ.૨૮) યુવતીને તેના પતિએ ફોનમાં વાતચીત કરતી હોય તે દરમ્યાન આ ફોન કુવામાં ફેંકી ન દેતી તેમ કહેતા તેણીને લાગી આવતા પોતાની મેળે કુવામાં પડી જતા ડુબી જવાથી મૃત્યું થયું છે. ભેંસાણ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

**છોડવડી ગામે જુગાર દરોડો આઠ ઝડપાયા**

ભેંસાણ તાલુકાના છોડવડી ગામે પોલીસે જુગાર અંગે દરોડો પાડતા આઠ શખ્સોને રૂા.૨૭,૩૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ છે.

**મકાન કસમાં વેંચવાનું છે**

જૂનાગઢમાં મેમણવાડા મસ્જીદની બાજુમાં ૭૨ વારની જગ્યાનું મકાન કસમાં વેંચવાનું છે સંપર્ક કરો

મો. ૭૨૨૮૦ ૫૫૨૪૯

**શો રૂમ વેંચવાનો છે**

જૂનાગઢનાં હાર્દ સમા માંગનાથ રોડ ઉપર હોટેલ તથા હોલસેલ અનુરૂપ ૪૬૦ સ્કેવર ફુટ ફર્નીચર સાથે શો રૂમ વેંચવાનો છે

: સંપર્ક :

મો. ૯૯૦૯૪ ૫૦૯૧૦

**ૐ નેચર કયોર સેન્ટર**

**ડો. સી.ડી. ઓઝા (N.D.)**

**તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે**

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮

નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

**ઓફર...ઓફર...** M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.

એકસચેંજ ઓફર

LED TV રૂા. ૬૫૦૦* થી શરૂ

ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ

ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ

**બીના ઈલેક્ટ્રોનિકસ**

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.

LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ

જે.પી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

**સિધ્ધ મ્યુઝીક કરાઓકે એકેડેમી**



જૂનાગઢમાં સહુ પ્રથમ લેડીઝ દ્વારા ચાલતા સંગીતનાં કલાસ... શું આપ સંગીતનાં શોખીન છો ? આપને ગાવાનો શોખ છે. તો આવો આપણે સાથે મળીને સંગીતનાં સુર રેલાવીએ.

હિન્દી ફિલ્મોનાં ગીતો તથા અન્ય ગીતો કરાઓકે ટ્રેકમાં એકેડમીનાં સ્ટેજ ઉપર ગાવા મળશે. શ્રી હરીવાડી, શ્રી હાટકેશ હોસ્પીટલ પાસે જૂનાગઢ.

**લીનાબેન ભટ્ટ**

**મો. ૯૦૩૩૯ ૧૨૪૯૩**

**દરેક ધંધાને માટે શોરૂમ લાયક જગ્યા વેંચવાની છે**

પંચહાટડી ચોક, માંગનાથ રોડ વિસ્તારમાં જવેલરી, રેડીમેઈડ, સાડી તથા દરેક ધંધાને માટે શોરૂમ લાયક જગ્યા ૧૪૦૦ સ્કેવર ફુટ વેંચવાની છે

મો. ૯૪૨૯૪ ૨૬૩૧૨

**દિપાલી કોમર્શીયલ**

સોગંદનામા, ભાડાકરાર, વેચાણકરાર, આવકનો દાખલો, ક્રીમીલેયર સર્ટી, ઓબીસી સર્ટી, ડોમીશાઈલ સર્ટી, સંમતિ પત્ર તેમજ ઓનલાઈન ફોર્મ , અરજન્ટ ફોટા, આધારકાર્ડ ડાઉનલોડ, ઝેરોક્ષ, કલર ઝેરોક્ષ, લેમીનેશન, મોબાઈલમાંથી પ્રિન્ટ વગેરે કામ માટે મળો

**દિપાલી કોમર્શીયલ સર્વિસ**

લીમડા ચોક, જેરામ પાનની બાજુમાં, જૂનાગઢ

દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે

**સૌરાષ્ટ્ર ભૂમિ** દૈનિક

• ટચૂકડી જાહેર ખબર •

જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

પાર્સલ સેવા આપવામાં આવશે

**રાજ ડાયનીંગ હોલ**


- સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
- જૂનાગઢ શહેરના હદયસમા કાળવાચોકમાં
- આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.

દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.

**રાજ ડાયનીંગ હોલ**

કાળવા ચોક, જૂનાગઢ.

**સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો**



**ધીરૂભાઈ જે. સોની**

નવો નંબર નોંધી લેશો

મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩

વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩

કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

**ન્યુ બોમ્બે ઈલે.**

દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.

મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૦ વર્ષથી પ્રખ્યાત નામ

**વિજય ઘી ડીપો**

ગેરંટી સાથે ભેંસનું તથા ગાયનું ૧૦૦ ટકા શુધ્ધ ઘી મળશે

**વિજય ઘી ડીપો**

ડબાગલી, નાની શાકમાર્કેટ, જૂનાગઢ

આથી ગ્રાહકજનોને અમારા નવા મોબાઈલ નંબર નોંધી લેશો

મો. ૭૨૦૨૦

| | |
|---|---|
| વિનય એન. પ્રજાપતિ | મો. ૯૮૨૪૩ ૮૧૫૦૦ |
| મનિષ એન. પ્રજાપતિ | મો. ૯૯૨૪૩ ૮૧૫૦૦ |
| પંકજ એન. પ્રજાપતિ | મો. ૯૮૨૪૪ ૮૧૫૦૦ |

''સ્વાદનો એવો જાદુ જગાવે, વારંવાર મન લલચાવે''

**: સુભાષ :**

**પાણીપુરી**

એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ

સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ

એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

**દિપક ફટાકડા સેન્ટર**

લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે

**દિપક ફટાકડા સેન્ટર**

C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ. ફોન: ૨૬૫૨૬૧૨

**વંદના બેકરી**

તળાવ દરવાજા રોડ

સ્પે. પાઉ, સ્પે. બ્રેડ

સ્પે. નાનરોટી

રોજે રોજની તાજી મળશે

**નારાયણ બેકરી**

સુખનાથ ચોક જૂનાગઢ

મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

**નારાયણ બેકરી**

સુખનાથ ચોક, જૂનાગઢ

મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે

**જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર**

વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

# હાર્દિક શુભકામના

અખિલ ભારતીય ક્ષત્રિય મહાસભાના ગુજરાત રાજયનાઅધ્યક્ષ તરીકે

**શ્રી રાજદીપસિંહજી અનિરૂદ્ધસિંહજી જાડેજા(રિબડા)**

ની નિમણૂંક



રાજપુતની શાન, સેવા, ધાર્મિકતાનાં ઉચ્ચ ગુણો ધરાવતાં અને અખિલ ભારતીય ક્ષત્રિય મહાસભાના ગુજરાત રાજયનાઅધ્યક્ષ તરીકે નિમણૂંક પામેલ **શ્રી રાજદીપસિંહજી અનિરૂદ્ધસિંહજી જાડેજા(રિબડા)** યશ, કીર્તી, માન, પ્રતિષ્ઠા મેળવે અને સફળતાનાં કીર્તીસ્તંભો સ્થાપે તેવી શુભકામના સાથે અભિનંદન...

લી.

**અભિજીત કે. ઉપાધ્યાય** તંત્રી સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક જુનાગઢ

**કાળુભાઈ સુખવાણી** (એમ.ડી.) મહાસાગર ટ્રાવેલ્સ લી. જુનાગઢ

સૌરાષ્ટ્ર ભૂમિ

Mahasagar TRAVELS LTD.